Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વર્ષ : ૩૭ :: એપ્રીલ ૧૯૮૧ :: અંક : ૧૦

# વૈરાગ્ય-પ્રેરક પુરાણ-પ્રસંગ

## કુંભારકે ચાક કે સમાન અપને ચક્રરત્નકો જાનતે હુએ વિરક્ત ચક્રવર્તી શ્રીપાલ

### ( અપના પુત્ર ગુણપાલ તીર્થંકરકી ધર્મસભામેં )

પુણ્યાત્મા શ્રીપાલને સદાસે પીછે લગે હુએ જન્મ, રોગ, જરા ઔર મૃત્યુકો નષ્ટ કરને કે લિયે બુદ્ધિ સ્થિર કર ધર્મરૂપી અમૃતકા પાન કિયા. વહ સોચને લગા કિ યહ ચક્રવર્તીકા સામ્રાજ્ય કુમ્હારકી જીવની કે સમાન હૈ કયોંકિ જિસ પ્રકાર કુમ્હાર અપના ચક્ર ( ચાક ) ઘુમાકર મિટ્ટીસે બને હુએ ઘડે આદિ બર્તનોંસે અપની આજીવિકા ચલાતા હૈ, ઉસી પ્રકાર ચક્રવર્તી ભી અપના ચક્ર ( ચક્રરત્ન ) ઘુમાકર મિટ્ટીસે ઉત્પન્ન હુએ રત્ન યા કર આદિસે અપની આજીવિકા ચલાતા હૈ–ભોગોપભોગ કી સામગ્રી જુટાતા હૈ ઇસલિયે ઇસ ચક્રવર્તી કે સામ્રાજ્યકો ધિક્કાર હૈ! યહ આયુ વાયુ કે સમાન હૈ, ભોગ મેઘ કે સમાન હૈ, ઇષ્ટજનોંકા સંયોગ નષ્ટ હો જાનેવાલા હૈ, શરીર પાપોંકા ખોટા પાત્ર હૈ ઔર વિભૂતિયાં બિજલી કે સમાન ચંચલ હૈં! યહ યૌવન સમીચીન માર્ગ સે ભ્રષ્ટ કરાને કા કારણ હોનેસે સઘન વન કે સમાન હૈ ઔર જો યહ વિષયો મેં પ્રીતિ હૈ વહ દ્વેષકો ઢૂંઢનેવાલી હૈ! ઇન સબ વસ્તુઓં સે સુખ તભી તક માલૂમ હોતા હૈ જબ તક કિ બુદ્ધિમેં વિપર્યયતા રહતા હૈ. ઔર જબ બુદ્ધિ સીધી હો જાતી હૈ–તબ ઐસા જાન પડને લગતા હૈ કિ ઇન વસ્તુઓંકે સિવાય છોડને યોગ્ય ક્યા હોગા ? જબ કિ અભિલાષારૂપી વિષકે અંકુરો સે ઇસ ચિત્તરૂપી વૃક્ષકી સદા વૃદ્ધિ હોતી રહતી હૈ તબ તક સંભોગરૂપી ડાલિયોં પર ભલા દુ:ખરૂપી ફલ કયોં નહીં લગેંગે ? મૈંને ઇચ્છાનુસાર ચિરકાલ તક દસોં પ્રકારકે ભોગ ભોગે પરંતુ ઇસ ભવમેં તૃષ્ણાકો નષ્ટ કરનેવાલી તૃપ્તિ મુઝે રંચમાત્ર ભી નહીં હુઈ. યદિ હમારી ઈચ્છા કે વિષયભૂત સભી ઇષ્ટ પદાર્થ એક સાથ મિલ જાયે તો ભી ઉનસે થોડાસા ભી સુખ નહીં મિલતા હૈ, સ્ત્રીયોંસે સુખકી પ્રાપ્તિ હોના હી પુરુષત્વ હૈ ઐસા પ્રસિદ્ધ હૈ પરંતુ ઇસસે બઢકર ઔર દીનતા ક્યા હોગી ? ઈસલિયે અપને આત્મામેં હી સચ્ચે સુખકા નિશ્ચય કર પુરુષ હો સકતા હૂં–પુરુષત્વકા ધની બન સકતા હૂં! ઈસ પ્રકાર બુદ્ધિકી વક્રતા છોડતે હુએ શ્રીપાલ ચક્રવર્તીને ચક્રરત્ન સહિત સમસ્ત પરિગ્રહકો એકસાથ છોડનેકા વિચાર કિયા....

( જમ્બૂદ્વીપકે પૂર્વ વિદેહક્ષેત્રકે પુંડરીકિણી નગરીકે ચક્રવર્તી રાજા શ્રીપાલકો વૈરાગ્ય... મહાપુરાણ, ભા–૨, પૃ.–૪૮૯ )

**આત્માના ગૂઢરહસ્યભૂત પરમાત્મસ્વરૂપને બતાવતાં સંતો ભવ્યને ઉત્સાહ આપે છે: હે જીવ! એક સમયના વિકલ્પને દેખીને તું ડર નહિ....મુંઝા નહિ. ઉલ્લસિત વીર્યથી મહિમા લાવીને તારી અંતર તાકાતને ઉછાળ!**

સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ, અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે! એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ....એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ....સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ.

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે–એ ભૂલી જા તે નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ, ને થશે પણ નહિ. લ્યો આ મોક્ષ! આવા સ્વભાવની દ્રષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

અહો! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઊછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે! અરે જીવો! આમ અંતરમાં નજર કરીને દરિયાને દેખો! ...ચૈતન્યસમુદ્રમાં ડુબકી મારો!

હે જીવ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમ કે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ?–કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે, તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં નહીં હોય ને ચૈતન્યસ્વરૂપમાં હશે તો મરીને તને આત્મા પ્રાપ્ત થશે અને જો તારી મતિ રાગ અને પરમાં હશે તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ.

– પૂજ્ય ગુરુદેવશ્રી

# પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવના વિરહભાવભર્યું ગીત

( પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું )

( રાગ: - અપૂર્વ અવસર... )

ચાંદલિયા ! સંદેશ દેજે ગુરુદેવને,
( શશિયર ! સંદેશો દેજે ગુરુદેવને, )
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઈન્દ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો....ચાંદલિયા !

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક–પરિષદમાં ગુરુવર–બેસણાં,
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો....ચાંદલિયા !

સુવર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
( સુવર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો; )
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતાં જ્યમ માતવિહૂણાં બાળ જો....ચાંદલિયા !

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો વાણી વરસાવો, નાથ ! જો....ચાંદલિયા !

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્‌રસઝરતા નાદ જો....ચાંદલિયા !

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો જયકાર જો.
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ જો)....ચાંદલિયા!
ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો,
સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો....ચાંદલિયા!
ગુણમૂર્તિ અદ્‌ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધર્મના આંબા રોપ્યા નાથ! જો....ચાંદલિયા!
ગુરુજી! તારા પડયા વિરહ વસમા ઘણા,
તારણહાર! થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી! ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો....ચાંદલિયા!
ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો,
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્ય રહેશું દેવ-ગુરુની સાથ જો....ચાંદલિયા!

❖ ❖

# ગુરુભક્તિ

( પૂ. શાંતાબેન મણિલાલ ખારાએ બનાવેલું વિરહ ગીત )

( ગઝલઃ રાગ )

અહો ગુરુ ભાનુ ભારતના અંધારા જગતમાં કીધા,
વીત્યા માસ ચાર તોયેના દર્શન અમને જરા દીયા. ૧

સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજેથી ચમકેલા,
આતમ તેજથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વ્હાલા. ૨

હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા,
ગુરુ વિરહા પડયા મોટા જઈને સ્વર્ગમાં બેઠા. ૩

ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઉછાળ્યા શ્રુતના દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા. ૪

ગુરુનું નામ અમર હોજો ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો. ૫

ગુરુ ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિન રાત-દિન જાએ મળીશું શાશ્વતા ધામે. ૬

ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત્ કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો ગુરુ કહાનની વાણી. ૭

ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જય જય ગુરુકહાનની વાણી. ૮

મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા. ૯

ગુરુવર બોધને પામી દૃષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી. ૧૦

વાર્ષિક લવાજમ
નવરૂપિયા
વર્ષ ૩૭
અંક ૧૦
(૪૫૦)




વીર
સંવત
૨૫૦૭
AD. 1981
APRIL

## પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીષ:

# ભાઈ! તું તને સિદ્ધની નાતનો ને જાતનો જાણ!

(શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૬-૬-૬૬)

**નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;**
**થયા સિદ્ધ પરમાતમા, વંદું તે જિનરાય. ૧.**

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ સિદ્ધ સમાન છે. સિદ્ધ પરમાત્મા સમાન આત્મા છે. તેનું અંતર સ્વરૂપમાં દર્શન જ્ઞાન ચારિત્રનાં અંતર વેપાર દ્વારા સાર એટલે સિદ્ધદશા પ્રગટ કરવી એનું નામ યોગસાર કહેવામાં આવે છે. યોગીન્દ્રદેવે લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં પરમાત્મ પ્રકાશ અને યોગસાર કર્યા છે. યોગીન્દ્રદેવ મહા સંત થયા, તેઓ યોગસારની શરૂઆત કરતાં મંગલરૂપે સિદ્ધ પરમાત્માને યાદ કરે છે, સ્મરણ કરે છે.

## સિદ્ધ ભગવંતો નિર્મળ ધ્યાન વડે સિદ્ધ પરમાત્મા થયા

નિર્મળ ધ્યાન એટલે કે શુદ્ધ ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર થઈ શુદ્ધ ધ્યાન વડે સિદ્ધ થયા છે. મોક્ષમાર્ગની શરૂઆત શુદ્ધસ્વરૂપના નિર્મળ ધ્યાનથી થાય છે. આ આત્માને સર્વજ્ઞદેવે સિદ્ધ સ્વરૂપે જોયો છે.

**'પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ,**
**નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.'**

હે સર્વજ્ઞદેવ! સૌ જીવોને આપ તો નિજસત્તાએ-પોતાના હોવાપણે શુદ્ધ દેખો છો. બધા આત્માઓ પોતાની સત્તાએ શુદ્ધ છે એમ ભગવાન દેખે છે અને જે કોઈ આત્મા એ રીતે શુદ્ધસ્વરૂપના નિર્મળ ધ્યાન વડે એકાગ્ર થાય છે તે સિદ્ધ થાય છે. જ્ઞાનાવરણીનો

ક્ષય થાય ત્યારે જ્ઞાન થાય તેમ નથી કહ્યું હો! પણ નિર્મળ ધ્યાન વડે સમસ્ત પ્રકારે સ્વરૂપમાં સ્થિર થયા ત્યારે સિદ્ધ થયા છે.

ધર્મદશા પ્રગટ કાળમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિની એકાગ્રતાનો અંશ પ્રગટ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન-ધર્મની પ્રથમ શરૂઆત થાય છે. સિદ્ધ ભગવાને શરૂઆત પછી પૂરણતાની પ્રાપ્તિના કાળ વખતે શું કર્યું એ વાત અહીં ચાલે છે. જેમાં અતીન્દ્રિય આનંદ ભર્યો પડયો છે એવી નિજ સત્તાના હોવાપણામાં તારું સુખ છે, બીજાના હોવાપણામાં પણ તારું સુખ નથી, પરમાત્મા સિદ્ધના હોવાપણામાં પણ તારું સુખ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિકાળી નિજ આત્મામાં એકલો આનંદ જ ભાળ્યો છે, એ અતીન્દ્રિય આનંદની નજર કરીને વિશેષપણે ધ્યાનમાં સ્થિત થયા, બહારથી તદ્દન ઉપેક્ષા કરીને અંદરમાં ઠર્યા, શુદ્ધ ધ્યાનમાં સ્થિત થયા-આ રીતે સિદ્ધ પરમાત્મા થયા; વર્તમાનમાં થાય છે ને ભવિષ્યમાં પણ આ રીતે સિદ્ધ પરમાત્મા થશે. મોક્ષને પ્રાપ્ત કરવાની, મોક્ષના માર્ગની આ ક્રિયા છે. વચમાં કોઈ દયા-દાનનો વિકલ્પ આવે એ કોઈ મોક્ષના માર્ગની ક્રિયા નથી. આ યોગસાર છે ને! યોગ એટલે આત્મામાં ઉપયોગનું જોડાણ કરવું એ જ મોક્ષનો માર્ગ છે. પરમાં જોડાણ થાય-રાગાદિ હો પણ એ કાંઈ મોક્ષનો માર્ગ નથી, એ તો બંધના માર્ગના બધા વિકલ્પો છે.

સિદ્ધ ભગવાને પોતાના શુદ્ધ સ્વરૂપને પહેલાં પ્રતીતમાં-અનુભવમાં લીધું, પછી પર્યાયમાં પૂરણ પ્રાપ્તિ માટે સ્વરૂપમાં લગની લગાડી. અંદરમાં ધ્યાનની લગની લગાડી ત્યારે કર્મના કલંકને બાળી મૂકયા છે. કર્મ બળ્યા માટે ધ્યાન થયું છે એમ નથી. કર્મ બિચારે કૌન ?-એ તો જડ છે, નિમિત્ત છે, તું વિકાર કર તો કર્મનું આવરણ નિમિત્ત થાય અને ધ્યાન કર તો કર્મો ટળી જાય. કર્મો કાંઈ કાંડુ પકડીને ઉભા નથી કે તને ધ્યાન નહીં થવા દઉં.

કર્મોરૂપી કલંકના મેલને ધ્યાન વડે બાળી નાખ્યા છે. નાશ કર્યા છે એમ નહીં પણ બાળી મૂક્યા છે એટલે કે કર્મરૂપે જે પર્યાય હતી તે બીજા પુદ્‌ગલરૂપે-અકર્મરૂપે થઈ ગઈ-એ બાળી મૂક્યાનો અર્થ છે. સિદ્ધ ભગવાનનો આત્મા પરમાત્મપણે થયો ત્યારે તેણે કર્મના કલંકને બાળ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કર્મ તો અકર્મરૂપ થવાની લાયકાતથી જ થયા છે, આત્મા તેને બાળે-ટાળે એમ કોઈ દિ’ બને નહીં, કેમ કે એ તો જડ છે, જડનો કર્તા-હર્તા આત્મા નથી. અહીં તો એમ કહ્યું કે વિકારનો સંગ હતો ત્યાર કર્મનું નિમિત્તપણે આવરણ હતું, એ વિકારનો સંગ છૂટયો ત્યારે કર્મનું આવરણ બીજી દશારૂપે થઈ ગયું તેને અહીં કર્મ-કલંક બાળ્યા એમ કહેવામાં આવે છે.

## * હે સિદ્ધ ભગવંતો ! મારા જ્ઞાનમંદિરમાં પધારો, બિરાજો *

ભગવાન આત્મા શક્તિરૂપે પરમાત્મા હતો, તેનું ધ્યાન કરીને વર્તમાન પર્યાયમાં સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામી ગયા. વસ્તુ તો શુદ્ધ હતી જ પણ એનું ધ્યાન કરતાં એની દશામાં પરમાત્મદશા એ આત્માએ પ્રાપ્ત કરી. એવા પરમાત્માને ઓળખીને મારા લક્ષમાં લઈને એવા સિદ્ધપરમાત્માને હું નમસ્કાર કરું છું. શ્રી સમયસારમાં લીધું છે કે ભાઈ! સિદ્ધપરમાત્માને નમસ્કાર કોણ કરી શકે ?–કે જે હૃદયમાં–જ્ઞાનની દશામાં સિદ્ધ –પદને સ્થાપી શકે અને વિકાર આદિ મારામાં નથી, હું પૂર્ણાનંદ સિદ્ધ સમાન શક્તિએ છું–એમ જે શ્રદ્ધા–જ્ઞાનમાં સિદ્ધને સ્થાપે એ સિદ્ધને ખરો નમસ્કાર કરી શકે. ઊર્ધ્વ રહ્યાં છતાં સિદ્ધોને હેઠે ઉતારું છું કે પ્રભુ! પધારો પધારો, મારે આંગણે પધારો. સિદ્ધને આદર દેનારના આંગણા કેટલા ઉજળા હોય! રાજા આવે તોય આંગણું કેટલું સાફ કરે છે! અનંત અનંત સિદ્ધોને હું વંદન કરું છું, આદર કરું છું એટલે કે એ સિવાય રાગનો, અલ્પજ્ઞતાનો નિમિત્તનો આદર દ્રષ્ટિમાંથી હું છોડી દઉં છું. અમારા આંગણાં ઉજળા કર્યાં છે પ્રભુ! આપ પધારોને! પોતાની જ્ઞાનકળાની પ્રગટ દશામાં અનંત સિદ્ધોને સ્થાપે છે કે આવો પ્રભુ! નિર્વિકલ્પ પર્યાયમાં પ્રગટ થાઓ, આવો. –એવી જેની દ્રષ્ટિ થઈ છે તે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયના આંગણે પધરાવે છે અને તેણે ભગવાનને નમસ્કાર કર્યાં કહેવામાં આવે છે. આમ ને આમ નમો અરિહંતાણમ્ કર્યા કરે પણ જેને નમે એ ચીજ જ શું છે, તું નમનાર એમને કેવા ભાવથી આદર આપે છો, તારા ભાવમાં શું શુદ્ધતા આવી છે–એની ખબર વિના નમો અરિહંતાણમ્–ના ગડીયા તો અનંતકાળ હાંક્યા પણ તેમાં કાંઈ વળ્યું નહિ.

પોતાની પર્યાયમાં બધુંય ભૂલીને સિદ્ધોને યાદ કર્યા છે. જાણે એકલા સિદ્ધો જ નજરમાં તરતા હોય! રાગ, અલ્પજ્ઞતા ને નિમિત્ત કોઈ નમવા જેવી ચીજ ન હોય ને નમવા લાયક તો જાણે અનંતા સિદ્ધોના ટોળા એવી સિદ્ધની પર્યાય જ હોય–એમ જેને અંતર દ્રષ્ટિ થઈ છે તે અનંતા સિદ્ધોને પોતાના જ્ઞાનમાં પધરાવે છે. પ્રભુ! આપે તો નિર્મળ ધ્યાન કર્યું હતું ને એ નિર્મળ ધ્યાન દ્વારા અનંત આનંદ આદિ શક્તિની વ્યક્તતા પર્યાયમાં આપે પ્રગટ કરી છે માટે આપ પરમાત્માને હું નમસ્કાર કરું છું–એમ પ્રથમ ગાથામાં મહા માંગલિક કર્યું.

સર્વજ્ઞ પરમાત્માએ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવ્યું કે ભાઈ! અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ, તું પણ એમ જોતા શીખને! ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદની મૂર્તિ, દર્શન, જ્ઞાન ને ચારિત્રથી પૂર્ણાનંદને પામે એવો આ આત્મા એને હાડ–માંસમાં શરીરમાં રહેવું પડે, જનમ–મરણ કરવા પડે એ કલંક છે, કલંક છે. તેથી અહીં અશરીરી થવા માટે પ્રથમ સિદ્ધને યાદ કર્યા. હવે અમારે શરીર નથી, એક બે ભવે અમે અશરીરી થવાના એમ કોલકરાર કરીને આચાર્યદેવે સિદ્ધોને નમસ્કાર કર્યા છે.

હવે અરિહંત ભગવાનને નમસ્કાર કરે છે–

ચારઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંત ચતુષ્ટ;
તે જિનવર ચરણે નમી, કહું કાવ્ય સુઇષ્ટ. ૨.

અરિહંત ભગવાન અત્યારે ભરતક્ષેત્રમાં નથી પણ મહાવિદેહમાં વર્તમાનમાં સીમંધર ભગવાન અને લાખો કેવળીઓ બિરાજે છે. અરે! એ અરિહંત ભગવાન ને લાખો કેવળીઓની સત્તાનો સ્વીકાર કરીને અંદરમાં નમન એ કોઈ અપૂર્વ વાત છે. અહો! અરિહંત પરમાત્માના જેણે દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણ્યા, દ્રવ્ય–ગુણ તો ઠીક પણ એની પર્યાયમાં આટલું સામર્થ્ય છે એવું જેણે જ્ઞાનમાં જાણ્યું ને જાણીને અંતરમાં હું એની નાતનો ને જાતનો આવો આત્મા છું–એમ અરિહંત પરમાત્માના સ્વરૂપ સાથે એના આત્માના દ્રવ્યને મેળવે છે ને અંદરમાં જાય છે ને પૂરણ સ્વરૂપની પ્રતીત કરે છે ત્યાં એને સમકિત થાય છે અને સમકિત થયું એટલે કેવળજ્ઞાન લીધે છૂટકો.

## અરિહંત પરમાત્મા ધ્યાન વડે અનંત ચતુષ્ટયને પામ્યા

જેણે ધ્યાન દ્વારા ચાર ઘાતિ કર્મનો વિલય–વિશેષ નાશ કરી નાખ્યો છે અને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કરી છે એને અરિહંત ભગવાન કહીએ. એમ ને એમ નમો અરિહંતાણમ્ કરીને મરી ગયો! પ્રવચનસારમાં શરૂઆતની ગાથામાં કુંદકુંદસ્વામીએ કહ્યું કે રે પ્રભુ! હું આપને વંદન કરું છું પણ હું કોણ છું? આપને વંદન કરું છું તો આપ કોણ છો ને વંદન કરનાર હું કોણ છું? એ બન્નેનું મને ભાન છે પ્રભુ! વંદન કરનાર હું જ્ઞાન દર્શનમય ભગવાન આત્મા છું. વંદન કરનાર હું માણસ નહિ, કર્મવાળો નહિ, રાગવાળો નહિ, હું તો અનંત અનંત બેહદ જાણવું–દેખવું એવા સ્વરૂપવાળો ભગવાન આત્મા છું. જ્ઞાતાદ્રષ્ટાપણું એ મારું હોવાપણું છે. આપ પૂરણ પરમાત્મા છો ને હું આપને નમસ્કાર કરું છું. વિકલ્પ ઉઠયો છે એ વ્યવહાર નમસ્કાર છે ને સ્વરૂપમાં એકાગ્રતા થઈ એ નિશ્ચય નમસ્કાર છે.

અહીં કહે છે કે ચાર ઘાતિ કર્મનો નાશ થઈને શું પ્રાપ્ત થયું? –કે અનંત ચતુષ્ટયનો લાભ થયો. અનંત કાળથી આત્મામાં જ્ઞાન–દર્શન–વીર્ય ને સુખ જે શક્તિરૂપે હતા તેને ભગવાન આપે પર્યાયરૂપે પ્રાપ્ત કર્યા છે–એ મારા જ્ઞાનમાં છે. આપે આવું પ્રાપ્ત કર્યું એની સત્તાનો અમને સ્વીકાર છે. આવા અરિહંતો હોય એનું અમને જ્ઞાન છે, ભાન છે અને તેથી અમે નમસ્કાર કરીએ છીએ. અંધશ્રદ્ધાએ નમસ્કાર કરીએ છીએ એમ નથી –એમ કહે છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગે કહેલા માર્ગ સિવાય બીજે ક્યાંય આ માર્ગ હોઈ શકે નહિ. પરંતુ એના માર્ગમાં જન્મ્યા તોય ખબર ન મળે! એમ ને એમ ભગવાન ભગવાન કર્યા કરે! અહીં કહે છે કે અરિહંત પરમાત્મા આત્મા હતા ને તેને અનાદિનો

આઠ કર્મોનો સંબંધ હતો, તેણે ચાર ઘાતિકર્મને ટાળ્યા ને તેઓ અનંત ચતુષ્ટયને પામ્યા. –એવા જિનેન્દ્રદેવના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું. નમસ્કાર કરીને હવે હું પ્રિયકારી, આત્માના હિતના માર્ગને કહેનાર સુંદર કાવ્ય–શ્લોકોને કહું છું.

હવે ગ્રંથ રચવાની યોગ્યતાને કહે છેઃ–

**ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્તઃ**
**તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એકચિત્ત. ૩.**

આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ કહે છે કે આ કાવ્ય કોને માટે બનાવું છું? –કે સંસારથી ભય રાખનારાઓ માટે, ચાર ગતિથી ભય પામ્યા હોય તેને માટે કહું છું. જેને ચાર ગતિમાં રહેવું છે ને મજા કરવી છે તેને માટે નહિ હો! જેને સ્વર્ગના સુખથી પણ ભય લાગે છે, કેમ કે સ્વર્ગના સુખની કલ્પના તે પણ દુઃખ છે, ચક્રવર્તીનાં રાજ્ય હોય કે એક દિવસના અબજો રૂપિયાની પેદાશો હોય–એ બધી કલ્પનાઓ દુઃખ છે, એ દુઃખથી જેને ત્રાસ થયો છે કે હવે આ દુઃખ નહિ, આ દુઃખ ન જોઈએ–એને માટે આ માટે આ કાવ્ય કહું છું–એમ કહે છે.

*** જેને ચારેય ગતિનો ત્રાસ લાગ્યો છે, ભવભ્રમણથી ભયભીત છે, તેને માટે હું આ પ્રિયકારી, આત્મહિતકારી વાત કહું છું ***

મોક્ષાર્થીઓ માટે મારી આ વાત છે, ચારગતિનો ત્રાસ...ત્રાસ....અરેરે! અવતાર...! અવતરવું એ દુઃખરૂપ છે. જનમ....મરણ....સંયોગ એ બધું દુઃખરૂપ છે. ચારગતિની પ્રાપ્તિ, ઇન્દ્રપદની પ્રાપ્તિ પણ દુઃખરૂપ છે. કેમ કે ઇન્દ્રપદની પ્રાપ્તિમાં જે લક્ષ જાયે એ બધાં રાગ દુઃખરૂપ છે. ધર્માત્માને અધૂરું રહ્યું ને સ્વર્ગમાં જાય છે ને જુએ છે ને કહે કે અરેરે! અમારે રાગ બાકી રહી ગયો એમાં આ મળ્યું! અરેરે! અમારા કામ ઓછાં –અધૂરાં રહ્યાં. સ્વરૂપમાં સ્થિરતા કરવી જોઈએ તેટલી અમે ન કરી શક્યા તેના આ ફળ આવ્યા–એમ ખેદ કરે છે. ધર્માત્મા ઇન્દ્રપદને દેખીને ખેદ કરે છે કે અરે! આ ફળ આવ્યા! અરે! અમારો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પૂરણજ્ઞાન ને આનંદની પ્રાપ્તિ કરે એવી શક્તિવાળો તેને આ સંયોગના ફળ મળ્યા! અરે! અમે કામ બાકી રાખ્યા'તા! અમારા કામ અધૂરાં રહી ગયા–એમ ખેદ કરે છે.

અહીં કહે છે કે સંસારનો ભય જેને લાગ્યો છે તેને હું આ કહું છું. સંસારથી ભયભીત છે તેને કહું છું. જેમ ફાંસી દેવાનું નક્કી થઈ જતાં ત્રાસ લાગે તેમ જેને ચારગતિના દુઃખનો ત્રાસ લાગ્યો હોય એવા જીવોને માટે આ મારો યોગસારનો ઉપદેશ છે એમ કહે છે. હજી અમારે એકાદ ભવ કરવો છે, સ્વર્ગમાં જવું છે.....જેને જનમ–મરણનો ત્રાસ નથી એને અમારો ઉપદેશ લાગશે નહિ.

કોના માટે છે અમારો ઉપદેશ? –કે જેને એકલી મોક્ષની અભિલાષા છે કે મારે તો બસ છૂટવું છે. સ્વર્ગમાં જવું નથી પણ મારે તો છૂટવું, છૂટવું ને છૂટવું છે. એવા મોક્ષની લાલસા, મોક્ષની અભિલાષા ધારણ કરવાવાળા માટે આ મારું યોગસાર છે –એમ આચાર્ય મહારાજ યોગીન્દ્રદેવ કહે છે. છેલ્લે એમ કહેશે કે મારા માટે આ યોગસાર કહ્યું છે.

ચારગતિનો ત્રાસ અને મોક્ષની અભિલાષાવાળા જીવોને માટે આ અમારો યોગસારનો ઉપદેશ છે; બીજે ખારવાળા ખેતરમાં અમે બીજ વાવતાં નથી! સ્વર્ગ આદિની ચાહનાવાળા જીવોને માટે અમારો ઉપદેશ નથી. ચારગતિનો ત્રાસ અને મોક્ષની તાલાવેલીવાળા જીવોને મારે એક જ વાત કહેવી છે, શું કહેવી છે? –કે આત્માનું સ્વરૂપ સમજાવવા માટે, તારી અંદર જાત શું છે ભાઈ! –એ સમજાવવા માટે આત્માનું સંબોધન કરવું છે. તારા સ્વરૂપમાં શું ભર્યું છે ને આ વિકાર–ફિકાર એ તારી જાત નથી–એવા આત્માના સ્વરૂપને સમજાવવા માટે એકાગ્ર મનથી હું અત્યારે દોહાની રચના કરીશ.

ભાઈ! તું આત્મા છો ને! વિકાર ને રાગ એ વિનાની તારી ચીજ છે ને? એ મારે તને સમજાવવું છે. કારણકે એને ચારગતિનો ભય થયો છે ને મોક્ષનો અભિલાષી છે અને તે માટે હું પણ એકાગ્ર મનથી દોહાની રચના કરીશ–એમ કહીને ત્રણ દોહરા કહ્યાં.

– (ક્રમશઃ)

## મહાન પ્રચારક ખોયા

શ્રી કાનજીસ્વામી ને અતરંગ કી પ્રેરણા સે નિષ્ઠાપૂર્વક દિગમ્બર જૈનધર્મ સ્વીકૃત કિયા ઔર અપને સદુપદેશ સે હજારોં શ્વેતામ્બર જૈનોકો દિગમ્બર ધર્મ મેં દીક્ષિત કિયા –યહ પૂર્વ ઇતિહાસ મેં અશ્રુતપૂર્વ ઘટના હૈ. અધ્યાત્મ–ગ્રંથોં કે સ્વાધ્યાય કી ક્ષીણપ્રાય ધારાકો પુનઃ પ્રવાહિત કરના, સ્થાન–સ્થાન પર સ્વાધ્યાય મણ્ડલોંકી સ્થાપના હોના ઔર ઉનકે માધ્યમસે આત્મતત્ત્વકી ઓર જનમાનસકો આકૃષ્ટ કરના યહ અપને આપ મેં મહાન કાર્ય હૈં. વિરોધિયોંકી પરવાહ ન કર લક્ષ્યકી ઓર બઢતે જાના યહ સાધકકી અનૂઠી વિશેષતા હૈ.

કાનજીસ્વામી કે દેહાવસાન સે દિગમ્બર જૈન સમાજ ને દિગમ્બર ધર્મકા એક મહાન પ્રચારક ખોયા હૈ. દિગમ્બરધર્મ કે પ્રતિ ઉનકી નિષ્ઠા અવિસ્મરણીય હૈ. મૈં ઉનકે પ્રતિ શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂં.

– ડો. પન્નાલાલજી સાહિત્યાચાર્ય

# શુદ્ધાત્મ - અવલોકન
# जाण अलिंगग्गहणम् ।

( તા. ૧૭-૧-૭૮ )

( શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

શ્રી સમયસારશાસ્ત્રની આ ગાથા ઘણી જૂની છે ને ઘણા શાસ્ત્રોમાં તે છે. શ્રી પ્રવચનસારમાં, શ્રી સમયસારમાં, શ્રી પંચાસ્તિકાયમાં, શ્રી નિયમસારમાં, શ્રી અષ્ટપાહુડમાં અને શ્રી ધવલમાં પણ આ ગાથા છે. શ્રી કુંદકુંદાચાર્યદેવના બધા જ શાસ્ત્રોમાં આ ગાથા છે. તેમાં આ જે अव्यक्तનો બોલ છે તે ઘણો જ સૂક્ષ્મ છે.–

अरसमरुवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिदि्दट्ठसंठाणं ।।४९।।

જીવ ચેતનાગુણ, શબ્દ રસ-રૂપ-ગંધ-વ્યક્તિ વહીન છે
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

..... હવે ‘અવ્યક્ત’ વિશેષણને સિદ્ધ કરે છેઃ

**છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૧.**

આત્માને અવ્યક્ત કહે છે, કયા આત્માને? –કે શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ ધ્રુવ આત્મા છે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. તેને શા કારણથી અવ્યક્ત કહેવામાં આવે છે તે કહે છે. પોતાના આત્મા સિવાય જે છ દ્રવ્યસ્વરૂપ–અનંત જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને અનંત પુદ્‌ગલસ્વરૂપ–લોક જે જ્ઞેય છે. પર તરીકે જાણવાલાયક છે –તેનો આત્મા જ્ઞાયક છે. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં અનંત સિદ્ધ ભગવાન આવ્યા, ત્રિકાળવર્તી અનંત પંચપરમેષ્ઠિ ભગવાન પણ આવી ગયા, પણ તે બધાં જ્ઞેય–પર તરીકે જાણવા લાયક છે–એમ અહીં કહે છે. તેમ જ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દેવ–ગુરુ–શાસ્ત્ર પણ આવી જાય છે પણ તે પોતાપણે માનવા લાયક છે એવું આમાં આવ્યું નહીં, જાણવા લાયક છે એમ કહ્યું.

એક બાજુ જ્ઞાયક ભગવાન આત્મા છે ને બીજી બાજુ છ દ્રવ્ય જ્ઞેય છે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક રચિત સમ્યગ્જ્ઞાનદીપિકામાં આ પહેલા બોલનો એવો અર્થ લીધો છે કે આત્મા જ્ઞાયક છે અને છ દ્રવ્યો જ્ઞેય છે ત્યાં આત્મા છ દ્રવ્યથી ભિન્ન–સપ્તમ થઈ જાય છે.

અનંત અનંત જ્ઞેયો–અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ, અનંત પુદ્‌ગલો – બધું છ દ્રવ્ય– સ્વરૂપ લોકમાં આવી જાય છે. આત્મા જ્ઞાયક છે તે આ છ દ્રવ્ય–જ્ઞેયથી ભિન્ન છે તે કારણથી તે સપ્તમ્‌ છે. છ દ્રવ્યમાં આત્મા પણ આવી જાય છે પણ સ્વ ને પરને જાણવાવાળો આત્મા જ્ઞાયક હોવાથી તેને જ્ઞેયથી ભિન્ન સપ્તમ્‌ કહ્યો છે, અને આવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન, સ્વસંવેદન, શુદ્ધાત્મપ્રાપ્તિ, શુદ્ધાત્મઆચરણ–સ્વરૂપ આચરણ એ બધું સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં બધું સાથે જ હોય છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની વાત તો અલૌકિક છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક કહીને કોઈ અજ્ઞાની એક જ આત્મા કહે છે અને કોઈ અજ્ઞાનીઓ કાળદ્રવ્યને જ નથી માનતા તેનું ખંડન કર્યું. તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા કોઈએ જાણ્યા નથી એનું પણ જ્ઞાન કરાવ્યું. અનંતા જીવો છે તેમાં નિગોદના જીવો પણ છે, અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંત આત્માઓ છે, આખા લોકમાં એવા નિગોદના જીવો ભર્યા છે; તેનાથી અનંતગુણા પરમાણુઓ ભર્યા છે–આ બધું છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવે છે અને લોક જે અસંખ્ય પ્રદેશોમાં આવે છે તે સિવાય ચારે બાજુ અનંત અનંત પ્રદેશોમાં ખાલી ખાલી ભાગ છે તેવા અંત વગરના આકાશને અલોક કહેવામાં આવે છે, તે પણ આ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવી જાય છે. આ જે ચૌદ બ્રહ્માંડ છે તે અસંખ્ય પ્રદેશોમાં છે અને ખાલી ભાગ અનંત અનંત અનંત– જેનો ક્યાંય અંત નથી તેવું અલોકાકાશ તે પણ આ છ દ્રવ્યમાં આવી જાય છે–જ્ઞેયમાં આવી જાય છે અને તેને જાણવાવાળો જ્ઞાયક આત્મા પણ આમાં આવી જાય છે પણ અહીં તો તેને તેનાથી ભિન્ન બતાવવો છે.

શ્રી કુંદકુંદાચાર્ય પછી એક હજાર વર્ષે શ્રી અમૃતચંદ્રાચાર્ય થયા અને અત્યારથી એક હજાર વર્ષ પહેલાં તેઓ ( શ્રી અમૃતચંદ્રાચાર્ય ) થઈ ગયા છે, તેમણે આ અલૌકિક વાત કરી છે. તેઓ મહા સંત મહા મુનિ ભાવલિંગી સંત હતા. જેમને અંતરમાં ઉગ્રપણે સ્વઆનંદનું વેદન એ ભાવલિંગ–ભાવચિહ્ન હતું. સાધુનું ભાવચિહ્ન તો આનંદનું ઉગ્રવેદન હોય છે. નગ્નપણું ને પાંચ મહાવ્રત એ તો દ્રવ્યલિંગ છે. અહીં તો છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દ્રવ્યલિંગ આવી જાય છે, પાંચ મહાવ્રતાદિના પરિણામ પણ છ દ્રવ્યસ્વરૂપમાં આવી જાય છે, સાધુને જે અઠ્ઠાવીસ મૂળ ગુણ છે તે છ દ્રવ્યસ્વરૂપમાં આવી જાય છે, તે આત્મામાં નથી–એમ કહે છે. આહાહા! ખૂબ ગંભીર વાત છે, આવી વાત ક્યાંય છે નહીં. દિગંબર સંત સિવાય ત્રણ કાળમાં ક્યાંય આવી વાત છે નહીં. લોકોએ વિચાર કર્યો નથી, નિર્ણય કર્યો નથી કે વસ્તુ કેવી હોવી જોઈએ ? અને વસ્તુ છે તો તે કેવી છે

અહીં કહે છે કે ભગવાન આત્મા કેવો છે ?–કે અવ્યક્ત છે, અર્થાત્‌ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે જ્ઞેય છે તો આત્મા એકલો જ્ઞાયક છે; જ્ઞેય છે તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે અને ભગવાન આત્મા અભ્યંતર તેનાથી ભિન્ન છે, અવ્યક્ત છે. આવા છ દ્રવ્યસ્વરૂપ

લોકને સર્વજ્ઞ ભગવાને જોયો છે. જિનેન્દ્ર સિવાય છ દ્રવ્યને કોઈએ જોયું નથી. આ વાત ઘણી સૂક્ષ્મ છે. અહીં તો આ એક એક શબ્દનો અર્થ કરીને સભામાં અઢાર વખત વંચાઈ ગયું છે ને આ ખાસ ફરીથી વંચાય છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક જ્યારે જ્ઞેય છે તો ભગવાન આત્મા એકલો જ્ઞાયક છે. રાગ–દ્વેષ, પુણ્ય–પાપ બધું પર જ્ઞેયમાં જાય છે. વ્યવહારરત્નત્રય, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, નવતત્ત્વની શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન–એ વિકલ્પાત્મક બાહ્ય છે, તે બધું જ્ઞેયમાં જાય છે, આત્મા તો તેનાથી ભિન્ન જ્ઞાયક છે. અને જ્યારે છ દ્રવ્યસ્વરૂપલોક અને વ્યવહાર આદિ વિકલ્પ વ્યક્ત છે, બાહ્ય છે, બાહ્ય પ્રસિદ્ધ છે એ અપેક્ષાથી ભગવાન આત્મા અવ્યક્ત છે, અભ્યંતર છે, ભિન્ન છે.

આહાહા ! આટલા શબ્દોમાં આટલું બધું ભર્યું છે ! તે સમજે નહિ ને એમ ને એમ સમયસાર વાંચી જાય ને કહે કે અમે સમયસાર વાંચી લીધું–તો એમ ન ચાલે. સમયસાર તો અલૌકિક ચીજ છે.

એક બાજુ વ્યક્ત વસ્તુ છે તો સામે આત્મા એક અવ્યક્ત સપ્તમ્ વસ્તુ છે. છ દ્રવ્ય જેમ જ્ઞેય છે તો ભગવાન તેનાથી ભિન્ન, અવ્યક્ત જ્ઞાયક છે. અવ્યક્ત કેમ કહ્યો ? –કે બાહ્યમાં આવ્યો નથી, પર્યાયમાં પણ આવ્યો નથી. ખરેખર તો જે જ્ઞાયકભાવને અવ્યક્ત કહ્યો છે તે જ્ઞાયકભાવ જણાય છે તો પર્યાયમાં, છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય અને હું તેનો જ્ઞાયક છું ત્યાં દ્રવ્યજ્ઞાયક છે, પણ જણાય છે તો પોતાની પર્યાયમાં આવા જ્ઞાયક આત્માને છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે, બાહ્ય છે અને હું અભ્યંતર, પૂર્ણ અખંડ છું એમ પર્યાયમાં જણાય છે. –આવો 'અવ્યક્ત' નો એક અર્થ છે, આવા છ અર્થો છે.

ભગવાન આત્મા છ દ્રવ્યમાં તો આવે છે, કાંઈ છ દ્રવ્યથી ભિન્ન નથી પણ છ દ્રવ્યને ભિન્ન કહીને પોતાનો આત્મા વ્યક્તથી ભિન્ન છે, પ્રગટથી અભ્યંતર છે, જ્ઞેયથી જ્ઞાયક છે એ કારણે શ્રી ધર્મદાસજીએ 'સમ્યગ્જ્ઞાનદીપિકા' માં આત્માને છ દ્રવ્યસ્વરૂપ હોવા છતાં સપ્તમ્–સાતમી ચીજ થઈ એમ કહ્યું છે. આહાહા ! આવું સમજવાની દરકાર કરી નહિ ને ક્રિયાકાંડમાં લાગ્યો રહ્યો તેને આવો અવ્યક્ત આત્મા હાથ નહીં આવે. અહીં તો ક્રિયાકાંડને જ્ઞેયમાં ને વ્યક્તમાં લીધી છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સીમંધરભગવાન મહાવિદેહમાં બિરાજે છે તેમની દિવ્યધ્વનિની આ વાણી છે. જ્યાં રાગ હોય ત્યાં ભેદવાળી વાણી હોય છે તેથી ભગવાનને ભેદવાળી વાણી હોતી નથી. રાગ નથી ને સર્વજ્ઞ એકાકારપણું થયું છે ત્યાં એકાક્ષરી ૐની ધ્વનિ ઊઠે છે.

ભગવાનને ૐધ્વનિ નીકળે છે તેમાં સાતસો જાતની ભાષા એકસાથે આવે છે.

मुख ॐकारधुनि सुनि अर्थ गणधर विचारे।
रची आगम उपदेश भविक जीव संशय निवारे।।

સંતોના નાયક, ચાર જ્ઞાન, ચૌદ પૂર્વને ધારનાર ગણધર દેવ ભગવાનની વાણીમાં શું આવે છે તે વિચારે અને શાસ્ત્રની રચના કરે છે. તેઓએ શાસ્ત્રની જે રચના કરી–આગમની રચના કરી તે અહીં કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે. સંતોની વાણી છે તે ભગવાનની વાણી છે. સંતોની આવી વાણી જે ભવ્યો સાંભળે છે તે સાંભળીને સંશય –ભ્રમણાનો નાશ કરે છે. હું શરીરવાળો છું, રાગવાળો છું, એક સમયની પર્યાય સ્વરૂપે છું એવી જે બુદ્ધિ છે તે મિથ્યાત્વ–ભ્રમણા છે. ભવિક જીવ–લાયક જીવ આ પરમાગમ સાંભળીને એવી મિથ્યાબુદ્ધિનો નાશ કરે છે.

શ્રી કુંદકુંદાચાર્યભગવાને આત્માને 'અવ્યક્ત' કેમ કહ્યો? 'અવ્યક્ત' વિશેષણ કેમ લગાડયું? આત્મા વિશેષ્ય ને અવ્યક્ત તેનું વિશેષણ. અવ્યક્ત વિશેષણ કેમ લગાડયું ? –કે છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે તે વ્યક્ત છે ને તેનાથી ભિન્ન આત્મા છે તે કારણે તેને અવ્યક્ત કહ્યો છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ છે. જ્ઞાનપ્રધાનની જ્યારે વાત કરવામાં આવે ત્યારે પરનું જ્ઞાન અને સ્વનું–પોતાનું જ્ઞાન –એમ બન્નેની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે એમ પ્રવચનસારમાં કહેવામાં આવ્યું છે. અહીં પર્યાયમાં પરનું જ્ઞાન છ દ્રવ્યનું જ્ઞાન આવી ગયું ને તે પર્યાય અવ્યક્તને પ્રતીત કરે છે, તેમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બન્ને આવી ગયા. આહાહા! આવો સૂક્ષ્મ વિષય અહીં સમજાવ્યો છે. એક વાક્યમાં તો ઘણું સૂક્ષ્મ ભર્યું છે.

## જ્ઞેય છે, અને અવ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે

અહીં જીવ શબ્દ કેમ લીધો છે? जीवमणिद्दिठ्ठसंठाणं કહીને વેદાંતમાં આત્મા છે તે સર્વ વ્યાપક છે અને મનવિશિષ્ટ સહિતને જીવ કહે છે તે ખોટું છે એમ કહે છે. જીવ કહો કે આત્મા કહો બન્ને એક જ વસ્તુ છે, આત્મા જુદો છે ને જીવ જુદો છે–એમ નથી. અહીં જે જીવ કહ્યો છે તે છ દ્રવ્ય જે જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી અન્ય છે. બધાની સાથે એક થઈને રહે છે–એમ નથી. કોઈ કહે છે કે જીવ મુક્ત થાય છે ત્યારે બધા એક થઈ જાય છે, પણ એમ નથી, અનંત આત્મા છે, અનંતગુણા પરમાણુ છે, જીવ અને જડ ગતિ કરે છે ત્યારે તેને નિમિત્ત ધર્માસ્તિકાય નામનું એક અરૂપી દ્રવ્ય છે, જીવ અને જડ ગતિ કરીને સ્થિર થાય તેને નિમિત્ત અધર્માસ્તિકાય નામનું એક અરૂપી દ્રવ્ય છે. બધા દ્રવ્યોને રહેવાને, વ્યવહાર અવગાહન આપનાર આકાશ દ્રવ્ય છે અને છએ દ્રવ્યોમાં પરિણમન થાય છે તે પોતાથી થાય છે તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે–આવા છ દ્રવ્યસ્વરૂપ લોક છે.

આ જે છ દ્રવ્ય છે, તેની એક સમયની જે પર્યાય છે તે પોતામાં પોતાના ષટ્કારકથી

ઉત્પન્ન થાય છે, તે પૂર્વપર્યાયના કારણથી ઉત્પન્ન થતી નથી, દ્રવ્ય–ગુણથી ઉત્પન્ન થતી નથી અને નિમિત્તથી પણ ઉત્પન્ન થતી નથી. છ દ્રવ્યમાં દ્રવ્ય–ગુણ તો કાયમ છે પણ એક સમયની જે નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે તે પર્યાય અહીં લોકમાં આવી જાય છે. તે પર્યાય વિકૃત હો કે અવિકૃત હો પણ તેનું સ્વરૂપ એવું છે કે વર્તમાનમાં તે પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી ઉત્પન્ન થાય છે; પૂર્વના કારણથી થાય છે કે કારણનું કાર્ય છે–એ બધા નિમિત્તના વ્યવહારના કથન છે.

આહાહા! શું કથન છે! વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય–એ બધા વ્યવહારનાં વચન છે. એક એક સમયની પર્યાય–ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો કણ હો–એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્ય સ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે. જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતાથી, પોતાના કારણથી છે.

કોઈ કહે કે અધ્યાત્મમાં આમ કહ્યું છે ને આગમમાં આમ કહ્યું છે ને ન્યાય–શાસ્ત્રોમાં આમ કહ્યું છે, તો કહે છે કે બાપુ! એ બધા કથન છે, પહેલાં તો છ દ્રવ્યસ્વરૂપ લોક છે; –એમ છે કહેતાં અનંત દ્રવ્યની પર્યાય પણ છે એમ એમાં આવી ગયું. પર્યાય કોઈને કારણે છે–એમ નથી, પર્યાય સત્ છે, તેનો કોઈ હેતુ નથી. 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે '–તેમાં 'છે' તે સત્ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય પણ સત્ છે. જેમ દ્રવ્યનું કોઈ બીજું કારણ નથી, ગુણનું કોઈ બીજુ કારણ નથી તેમ વિકારી કે અવિકારી પર્યાયનું પણ કોઈ બીજું કારણ નથી, એ પર્યાય પણ પોતાના કારણથી તે સમયમાં નિરાલંબપણે–દ્રવ્ય ગુણના આલંબન વિના, નિમિત્તના આલંબન–અપેક્ષા વિના, પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે–એ લોકનું સ્વરૂપ છે.

'લોક જે જ્ઞેય છે, વ્યક્ત છે, ' તે એક સમયની વાત છે, એક સમયમાં છ પ્રકારના દ્રવ્ય અને તેના–પર્યાયસ્વરૂપ લોક છે, તે જ્ઞેય છે અને વ્યક્ત પ્રગટ છે. આ દ્રવ્ય–ગુણ ને પર્યાય બધું પ્રગટ છે, બાહ્ય છે; ભગવાન આત્મા તેનાથી અભ્યંતર ભિન્ન છે માટે એ કારણે તેને અવ્યક્ત કહેવામાં આવ્યો છે. આહાહા! દિગંબર સંતોની વાણી એટલી ગંભીર, એટલી ગહન, એટલી માર્મિક છે કે એક એક શબ્દમાં અનંત અનંત આગમનાં રહસ્ય ભર્યાં છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે "જ્ઞાનીનાં એક વાક્યમાં અનંત આગમ ભર્યાં છે."

અહીં એમ કહ્યું છે કે જે દ્રવ્ય–ગુણ–પર્યાય છે, 'છે' એ પહેલી વાત, 'છે' તો પોતાથી છે, અને 'છે' તો જ્ઞેય છે, અને 'છે' તો આત્મા તેનો જ્ઞાયક છે, તેનો કર્તા–હર્તા નથી. પરની પર્યાય, શરીરનું હાલવું–ચાલવું–બોલવાની ક્રિયા તેનો જ્ઞાયક આત્મા કર્તા

નથી પણ જ્ઞાયક છે, જાણવાવાળો છે. –આવી સૂક્ષ્મ વાત અહીં કરી છે, એક એક શબ્દમાં આટલું ભર્યું છે.

ભગવાન સર્વજ્ઞદેવે–જિનેન્દ્રદેવે જ છ દ્રવ્ય જોયા છે, માન્યા છે, જૈનદર્શન સિવાય બીજા કોઈએ છ દ્રવ્ય માન્યા નથી, કોઈ પાંચ દ્રવ્ય માને છે પણ કાળદ્રવ્ય માનતા નથી, તેઓ દ્રવ્યની પર્યાયને કાળદ્રવ્ય કહે છે. અહીં કહે છે કે કાળદ્રવ્ય જુદું–જ્ઞેય છે અને એ કાળદ્રવ્ય અસંખ્ય છે, અને એકેક દ્રવ્યમાં પર્યાય પણ સ્વતંત્ર છે. અહીં તો પરની દયા એ જ્ઞેયમાં જાય છે. પરની દયા પાળી શકું છું, પરની હિંસા કરી શકું છું –એ આમાં આવ્યું નહીં. પર છે તે જ્ઞેય છે, વ્યક્ત છે અને તેનાથી ભિન્ન સ્વ છે, જ્ઞાયક છે, તે પરની અપેક્ષાથી અભ્યંતર અવ્યક્ત છે–એમ આવ્યું.

ભગવાન શ્રી સીમંધરદેવે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા, તેમની દિવ્યધ્વનિમાં જે વાત આવી, તે ભગવાન કુંદકુંદાચાર્યે સાક્ષાત્ સાંભળીને ત્યાંથી આવીને આ શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રો રચ્યા, પછી ટીકાકાર ભગવાન અમૃતચંદ્રાચાર્ય થયા, તેમણે શું અદ્‌ભુત ટીકા કરી છે! તેઓએ જો આવી ટીકા ન કરી હોત તો આવી સ્પષ્ટ વાત ક્યાંથી આવત?

અહીં તો છ દ્રવ્યસ્વરૂપ લોક કહ્યું છે અને તે જ્ઞેય છે. સર્વજ્ઞ ભગવાન સિવાય આવી વાત ક્યાં છે? પોતાના જ્ઞાયકસ્વભાવની અપેક્ષાથી આ બધું જાણવાલાયક છે, પરદ્રવ્યની પર્યાય કરવાલાયક છે એવું વસ્તુના સ્વભાવમાં નથી અને એવું આત્માના સ્વભાવમાં પણ નથી. મારામાં ઘણી બુદ્ધિ છે તેથી હું કમાઈ શકું છું, ઘણા પૈસા પાંચ દસ, પચીસ કરોડ રૂપિયા–લાવી શકું છું–તો કહે છે કે એમ નથી. તે પૈસા તો જ્ઞાનમાં જ્ઞેય છે અને જ્ઞાનની અપેક્ષાથી વ્યક્ત–બાહ્ય છે અને તેને જાણવાવાળું જ્ઞાન અભ્યંતર છે.

ચાહે તો રૌદ્રધ્યાન હો કે આર્ત્તધ્યાન હો, હિંસાનો ભાવ હો કે દયાનો ભાવ હો – એ બધા ભાવને અહીં લોકમાં જ્ઞેય તરીકે ગણવામાં આવ્યા છે, આત્માથી તે પર્યાય થાય છે–એમ નથી. જે 'છે' તે બીજાથી થાય છે એવું ક્યાંથી આવ્યું? છ દ્રવ્યસ્વરૂપ લોક છે, છે તે જ્ઞેય છે, જ્ઞેય છે તેમાં હું કરું તો જ્ઞેય છે એવું ક્યાંથી લાવ્યો ? –આવી સૂક્ષ્મ વાત છે. અહીં ઘણું સિદ્ધ કરે છે. 'છે' તે પહેલી વાત, 'જ્ઞેય છે' તે બીજી વાત, 'વ્યક્ત છે' –તે ત્રીજી વાત, છે તેને જાણવાવાળો પણ છે, તે જ્ઞાયક છે, અને વ્યક્તની અપેક્ષાએ અવ્યક્ત–અભ્યંતર–અંદર છે; એવું અવ્યક્તનું વિશેષણ ભગવાન કુંદકુંદાચાર્યદેવે એક આત્માને લગાડીને પાઠમાં જે ભાવ ભર્યા છે તેને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા કરીને ખુલ્લા કર્યા છે. જેમ ગાય–ભેંસના આંચળમાં દૂધ છે તેને બળુકી બાઈ હાથના અંગૂઠાના જોરથી કાઢે છે તેમ શ્રી કુંદકુંદાચાર્યે પાઠમાં જે ભાવ ભર્યા છે તેને અહીં શ્રી અમૃતચંદ્રાચાર્યે ખુલ્લાં કર્યા છે. વિશેષ અવસરે કહેવાશે.

( – ક્રમશઃ )

# શુદ્ધાત્મ - અવલોકન
# जाण अलिंगग्गहणम्।

( શ્રી પ્રવચનસાર ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

## * પ્રવચન તેરમું *

( વીર સં. ૨૫૦૪, માગશર સુદ ૯, સોમવાર, તા. ૧૯-૧૨-૭૭ )

શ્રી પ્રવચનસારશાસ્ત્રમાં આ અલિંગગ્રહણનો ૧૮મો બોલ ચાલે છે. જે આ આત્મવસ્તુ ત્રિકાળ છે તેમાં એના ગુણો પણ ત્રિકાળ છે છતાં ભેદની અપેક્ષાએ ગુણવિશેષના પ્રકાર દ્રવ્યમાં નથી. આત્મામાં શરીર નથી, કર્મ નથી, અનંતા પર પદાર્થો જે ભિન્ન છે તે પણ નથી તેમ જ દેવ, ગુરુ, શાસ્ત્ર પણ આત્મામાં નથી. બીજી રીતે કહીએ તો આત્મામાં પોતાના સ્વભાવની અપેક્ષાએ પાંચે પદ છે. આત્માના સ્વભાવમાં અરિહંતપદનું સ્વરૂપ છે, સિદ્ધપદનું સ્વરૂપ છે, આચાર્ય-ઉપાધ્યાય-સાધુપદનું સ્વરૂપ છે. અહીં તો કહે છે કે પર તો એનામાં નથી પણ જે આત્મવસ્તુ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે એવું જે દ્રવ્ય વસ્તુપણે છે એ વસ્તુ ગુણના વિશેષના પ્રકારને સ્પર્શતી નથી. જ્યારે વસ્તુસ્થિતિ આમ છે તો પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે છે કે પરને સ્પર્શે છે એ વાત તો ક્યાંય રહી ? પરદ્રવ્યને તો આત્મા કદી ચુંબતો નથી, શરીરને, કર્મને, સ્ત્રી-કુટુંબ પરિવારને તથા બહારની બધી જ વસ્તુઓને આત્મા કદી ચુંબતો-સ્પર્શતો-અડતો નથી, પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે. આ વસ્તુની સ્થિતિની વાત કરી; હવે ભગવાન આત્મા જેનું એકરૂપ સામાન્યસ્વરૂપ અભેદ ધ્રુવસ્વરૂપ છે તે દ્રવ્યસ્વભાવ ગુણભેદને સ્પર્શતો નથી.

આવા વસ્તુસ્વભાવને ન જાણતાં વિરોધ કરે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે તેમ માનવું તે એકાંત છે; કર્મનું આવરણ છે માટે અમને સમકિત પ્રગટ થતું નથી, સુખ થતું નથી. તેને કહે છે કે એમ નથી પણ વિપરીત માન્યતા ને વિપરીત દુઃખની દશા છે તેમાં અટકયો છે, મિથ્યા માન્યું છે તેનું એને આવરણ છે. અહીં તો વિશેષ વાત એ છે કે જે આત્મા સામાન્ય છે, ધ્રુવ છે, નિત્ય છે, એકરૂપ જેનો સ્વભાવ છે એના ગુણના ભેદને-વિશેષને તે દ્રવ્ય સ્પર્શતું-અડતું નથી, આલિંગન કરતું નથી. આ પહેલી આંગળી બીજી આંગળીને અડતી નથી, વીંછીનો ડંખ શરીરને અડયો જ નથી, કેમ કે જે પરદ્રવ્ય છે તે બીજા દ્રવ્યમાં અભાવસ્વરૂપ છે માટે તેને અડતું નથી. આ તો સ્થૂળ વાત છે.

પાણી અગ્નિને અડયું છે ? -કે ના. તો કહે છે કે ઊનું થયું છે ને ? ઊંનું થયું છે તે પાણી અગ્નિને અડયું છે માટે ઊનું થયું છે એમ નથી, પાણીનો પોતાનો પર્યાય

ઉષ્ણપણે થવાના કાળે પોતે ઉષ્ણ થાય છે, અગ્નિને કારણે નહિ, અગ્નિ એને અડી જ નથી. કોઈ કહે કે આવું માનીયે તો દુનિયામાં રહેવાય એવું નથી, તો એને કહે છે કે દુનિયામાં એટલે દ્વૈતપણામાં રહેવા જેવું પણ છે જ નહિ.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્ય ધ્વનિ ઈચ્છા વિના છૂટી. એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે ભગવાન તું વસ્તુ છો ને! તારું ભગવત્સ્વરૂપ છે એ એકરૂપે અભેદ છે, એ અભેદ ગુણના ભેદને–વિશેષને સ્પર્શતું નથી. દ્રવ્યને ગુણ સાથે નિત્યતાદાત્મ્યસંબંધ છે, અને પર્યાય સાથે અનિત્યતાદાત્મ્યસંબંધ છે છતાં દ્રવ્ય અને ગુણ એવો ભેદ પડયો તે વિશેષ છે. આહાહા! પહેલાં કહ્યું હતું ને કે પગ જમીનને અડતો નથી ને પગ ચાલે છે, કેમ કે પગનો આધાર તો એનું પુદ્ગલ દ્રવ્ય પોતે છે, પોતાને આધારે ત્યાં ચાલે છે ને ટકે છે, જમીનને આધારે પગ ચાલતો નથી. આહાહા! આ તે કાંઈ વાત!! એ દ્રવ્ય, ગુણ ને પર્યાય એવી જ કોઈ ચમત્કારીક ચીજ છે કે એના જ્ઞાનમાં આ વાત બેસવી બહુ કઠણ લાગે છે. અહીં કહે છે કે પરને અડતો–સ્પર્શતો નથી એ વાત તો એક બાજુએ રાખો, પણ આ તો એનામાં જે ગુણો છે તેના વિશેષોના પ્રકારને આત્મા અડતો નથી. દ્રવ્યનું નામ દ્રવ્ય ને ગુણનું નામ ગુણ, દ્રવ્યનું લક્ષણ જુદું ને ગુણનું લક્ષણ જુદું, આત્મવસ્તુમાં અનંત ગુણો છે તે સામાન્ય એકરૂપ છે, અને તેમાં ભેદ પડયા–તે વિશેષ છે, તે વિશેષનું લક્ષ કરવા જશે તો એને રાગ ઉત્પન્ન થશે.

ભગવાન પરમાત્મા એમ કહે છે કે શરીરને તું અડયો જ નથી, શરીર તને અડયું નથી; કર્મને તું અડયો નથી, કર્મ તને અડયા નથી, એ તો અડયાં નથી, સ્પર્શ્યા નથી એ વાત તો એક બાજુ રહી પણ દ્રવ્યસ્વભાવ જે એકરૂપ અભેદ સામાન્ય છે એમાં ગુણનો ભેદ લક્ષમાં લેવો તે ભેદ એનામાં નથી. અખંડ અભેદ દ્રવ્ય તે ભેદને અડતું નથી, ચુંબતું નથી, આલિંગન કરતું નથી. પરમાત્મા એમ કહે છે કે તું એકરૂપ વસ્તુ છો, સામાન્ય દ્રવ્ય છો. એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છે એના ગુણોમાં વિશેષના ભેદને તે અભેદ દ્રવ્ય સ્પર્શતું નથી અને ભેદને લક્ષ કરવા જાય તો રાગી પ્રાણી છે માટે તેને રાગ થશે; ભગવાનનું લક્ષ કરવા જાય તો તો રાગ થશે જ, દુઃખ થશે; પણ ભેદનું લક્ષ કરવા જઈશ તો દુઃખ થશે, વસ્તુ અંદર એકરૂપ ચિદાનંદઘન છે એનામાં ગુણના ભેદનું આલિંગન નથી અને ગુણી અને ગુણના ભેદનું લક્ષ કરવા જઈશ તોપણ જે અભેદ ચીજમાં ભેદ નથી એવા અભેદની દ્રષ્ટિ ને અનુભવ કરવા જઈશ તો તને આનંદ આવશે. જિનેન્દ્રનો પ્રરૂપેલો ધર્મ એ કોઈ અલૌકિક છે.

સુખના પંથે જવું હોય તો આ પંથ છે. નિમિત્તનું લક્ષ કરવા જઈશ, સ્ત્રી–કુટુંબ–પરિવારનું લક્ષ કરવા જઈશ તો તો પાપ જ થશે, પણ દેવ–ગુરુ–શાસ્ત્રનું લક્ષ કરવા જઈશ તો પુણ્યનું–રાગનું દુઃખ થશે, એ તો ઠીક પણ ભગવાન આત્મા સામાન્ય એકરૂપ

છે તેમાં ભેદનું લક્ષ કરવા જઈશ તોપણ દુઃખ જ થશે. વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવનો આ પોકાર છે. એકરૂપ અભેદ વસ્તુમાં ગુણનો ભેદ–અંદર ગુણ છે ખરા –પણ ભેદની દ્રષ્ટિ કરવા જઈશ તો દુઃખી થઈશ, અને અભેદની દ્રષ્ટિ કરીશ તો તું સુખી થઈશ.

ભાઈ! તને ખબર નથી, તારી ચીજ તો અંદર અભેદ ધ્રુવ.....ધ્રુવ....ધ્રુવ.... સામાન્ય એકરૂપ ચાલી આવે છે, ગમે તેટલી પર્યાયો આવે છે પણ વસ્તુ તો સામાન્ય એકરૂપ ચાલી આવે છે. એવી એકરૂપની દ્રષ્ટિ કરતાં એનામાં ગુણ છે તેના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને ભેદ ને ગુણની વિશેષતાનું લક્ષ છૂટતાં અભેદ ઉપર દ્રષ્ટિ પડતાં તને આનંદનો સ્વાદ આવશે, ત્યારે તને ધર્મ થશે.

ગુણ અનંત વસ્તુ એક; એકમાં અનંતનું લક્ષ કરવા જઈશ, તારામાં પણ એકમાં અનેકનું લક્ષ કરવા જઈશ તો તને રાગ થશે, એ રાગ શુભરાગ છે પણ તેથી તને દુઃખ જ થશે. સંતોએ ગજબ કામ કર્યા છે. દિગમ્બર મુનિઓ એટલે પંચપરમેષ્ઠીમાં ભળેલા ભગવંતસ્વરૂપ. આહાહા! કુંદકુંદાચાર્યભગવાને કહ્યું છે કે અરિહંતભગવંતથી માંડીને અમારા ગુરુપર્યંત વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા; રાગમાં નહોતા, નિમિત્તમાં નહોતા, ભેદમાંય નહોતા. એ બધા વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા; એ મહાવ્રતમાં હતા, શરીરમાં હતા, પરની દયા પાળવામાં હતા–એમ ના પાડી છે. એ ગુણભેદમાં હતા એની પણ ના પાડી છે. આહાહા! આ વાક્યો તો જુઓ! ચારેકોરથી જુઓ તો સત્ય ઊભું થાય છે. આનું નામ સિદ્ધાંત કહેવાય. એક વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, ત્યાં નિમગ્ન છે પર્યાય, પણ પર્યાય નિમગ્ન હતી ધ્રુવમાં, વિજ્ઞાનઘનમાં. જુઓ તો સત્યના પ્રવાહ! કોઈપણ ગાથાથી, કોઈપણ ન્યાયથી લ્યો, કોઈ કડીથી લ્યો, કોઈ શબ્દથી લ્યો, સનાતન જૈનદર્શનના સત્યના પ્રવાહ જ ચાલે છે, વીતરાગતા જ ઊભી થાય છે–એવી વસ્તુ છે.

જ્યાં અંદર ગુણી અને ગુણના ભેદમાં આવવું એ પણ રાગ છે તો પછી કેવળી પોતાના છદ્મસ્થ ગુરુનો વિનય કરે ને પગે લાગે એ ન્યાય મળતો નથી. અહીં તો કહે છે કે કેવળી ભગવાન વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા અને ત્યારથી અમારા ગુરુપર્યંત પરંપરા ઠેઠથી ચાલી આવી છે એમણે અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે. અહીં પણ શુદ્ધાત્માની જ વાત ચાલે છે. આમાં પણ આવ્યું છે ને કે 'એવું શુદ્ધ દ્રવ્ય છે. ' લિંગ એટલે ગુણ, ગ્રહણ એટલે અર્થાવબોધ એટલે પદાર્થનો ગુણભાગ, તે જેને નથી તે અલિંગગ્રહણ છે; એવી રીતે આત્મા ગુણવિશેષથી નહિ સ્પર્શેલું એવું શુદ્ધદ્રવ્ય છે.

**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૯**

આ ૧૮, ૧૯, ૨૦ એ ત્રણ બોલ એવા છે કે એના પાર નથી, ભાગ્યવાનને તો કાને પડે-એવી વાતો છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવે પ્રરૂપેલા માર્ગનો પ્રવાહ જે છે તે આ વાણી છે-આ પ્રવાહ છે.

૧૮માં બોલમાં લિંગ એટલે ગુણ લીધો હતો-પણ અહીં લિંગ એટલે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી. પાઠ તો એવો છે કે અર્થ-પદાર્થનો બોધ-વિશેષ; પણ એનો અર્થ કે પદાર્થની પર્યાયવિશેષ-જે પદાર્થ આત્મા છે તેની પર્યાયો જેટલી વિશેષ છે તે-એકલી અર્થાવબોધ એટલે જ્ઞાનની જ પર્યાયો-એમ નહિ. તે પર્યાયવિશેષો-અર્થાવબોધવિશેષો જેને નથી એટલે કે અનંત પર્યાયો જેને દ્રવ્યમાં નથી તે અલિંગગ્રહણ છે. હજી તો પરદ્રવ્યનું કાંઈક કરવું છે! પણ પરદ્રવ્યમાં પેસે તો તેનું કરી શકે. પરને, શરીરને વગેરેને તો એમાં સંક્રમણ કરે તો કરી શકે, પણ પરમાં સંક્રમણ તો થઈ શકતું નથી. હવે તારું જે દ્રવ્ય છે તેનો નિર્ણય કરનાર પર્યાય છે, તેને જાણનારી પર્યાય છે, તેમાં ઠરનારી પર્યાય છે એ અનંતી પર્યાયો જે વિશેષ છે એને દ્રવ્ય આલિંગન કરતું નથી, દ્રવ્ય પર્યાયને અડતું નથી. આ તો વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય છે તેને દ્રવ્ય આલિંગન કરતું નથી. વિકારની પર્યાય તો ક્યાંય રહી ગઈ, તેને તો દ્રવ્ય અડતું નથી, તે તો પરદ્રવ્યમાં જાય છે.

શ્રી નિયમસાર શાસ્ત્રમાં શુદ્ધપર્યાયને પણ પરદ્રવ્ય કહી છે ત્યાં જે પરદ્રવ્ય કહી છે તે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય નથી આવતી તેમ પોતાની નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી. શાંતિની, આનંદની નવી પર્યાય દ્રવ્યમાંથી આવે છે તેથી નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. અહીં તો કહે છે કે આનંદની નવી પર્યાય શુદ્ધપર્યાય થઈ એને દ્રવ્ય અડતું નથી. ભગવાન આત્મા ધ્રુવ છે તે મોક્ષમાર્ગની પર્યાયને અડતું નથી. અપરિમિત શક્તિઓનો સાગર છતાં તે શક્તિવાન શક્તિની વ્યક્તિઓને સ્પર્શતો નથી. શુદ્ધદ્રવ્ય એને કહીએ કે જે પોતાની નિર્મળ પર્યાયને પણ અડતો નથી, ચુંબતો નથી, સ્પર્શતો નથી. અહીં કહે છે કે પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, એ પર્યાયનું લક્ષ કરે તો એને રાગ થશે, ને રાગમાં લાભ માનશે તો મિથ્યાત્વ થશે ને મિથ્યાત્વથી બંધાય છે માટે પશુ જેવો છે.

પ્રભુ એમ કહે છે કે પ્રભુ! તું એકસ્વરૂપે અંદર બિરાજે છે અને તારી જે પર્યાય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય ને પર્યાય બેનું જ્ઞાન છે તે પ્રમાણ છે પણ નિશ્ચયનો વિષય તો પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે. કોઈ પ્રશ્ન કરે કે દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે? તો કહે છે કે સત્ય તો એમ જ છે કે દ્રવ્ય પર્યાયને ન કરે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી-અડતું નથી તો કરે ક્યાંથી? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કરે ક્યાંથી? લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ

એટલે કે અર્થાવબોધ વિશેષ–પદાર્થની વિશેષ દશાઓ તે જેને નથી, ત્રિકાળી પદાર્થમાં, દ્રવ્યસ્વભાવમાં જેને વિશેષ દશાઓ નથી, તે અલિંગગ્રહણ છે.

અહીં તો હજી સ્ત્રી–પુત્રાદિ મારા નથી એમ માનવાને તેને પરસેવો ઊતરી જાય છે! પણ ભાઈ! મારા માનીશ તો મરી જઈશ. ચારગતિમાં રખડી મરીશ. અહીં તો કહે છે કે પર્યાયનો આશ્રય લેવા જઈશ તો રાગ થશે ને દુઃખી થઈશ. –આવી વાતો છે, જગતને મળી નથી, જુઓ તો દિગંબર સંતોની પૂર્વાપર અવિરોધી વાણી!! ભગવાન આત્મા વિકારને તો સ્પર્શ્યો નથી, દયા, દાન, વ્રતના વિકલ્પો તો વિકાર છે એને તો અડયો નથી પણ આત્મામાં દ્રવ્યને આશ્રયે જે સમ્યગ્દર્શન–જ્ઞાન ધર્મ થાય, આનંદની દશા થાય તેને તે દ્રવ્ય અડતું નથી. દશામાં દશા છે, તે દશા દ્રવ્યમાં નથી. પર્યાય દ્રવ્યની ઉપર ઉપર તરે છે, જેમ પાણીમાં તેલનાં ટીપાં ઉપર ઉપર તરે છે, એ અંદર પાણીના દળમાં ન પેસે. એમ શરીર, વાણી મન ને પરની તો શું વાત કરવી? હજી તો કર્મને લઈને વિકાર થાય એમ માનનારા પડયા છે? અહીં તો કહે છે કે રાગને લઈને પણ આત્મામાં કાંઈ ન થાય કારણ કે રાગ આત્માને અડતો જ નથી. અને રાગને જાણનારી સમ્યગ્દર્શન–જ્ઞાનની પર્યાય જે છે તેને પણ આત્મા અડતો નથી. નિર્મળ પર્યાય સાથે આત્માને અનિત્યતાદાત્મ્ય સંબંધ છે અને વિકારની સાથે પણ અનિત્યતાદાત્મ્ય સંબંધ છે પણ એ સંયોગીભાવ છે, આ નિર્મળ પર્યાય એ સંયોગીભાવ નથી. શ્રી સમયસારશાસ્ત્રના કર્તાકર્મ અધિકારની ગાથા ૬૯માં આવ્યું છે કે પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપનો ભાવ એ સંયોગી ભાવ ઉપાધિભાવ છે, એ આત્માના સ્વરૂપમાં નથી.

આહાહા! ગજબ કામ કરે છે ને! સંતોને જગતની શું પડી છે! સમાજમાં આ બેસશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ? પર્યાય સાથે અનિત્યસંબંધ છે એમ કહેવાય પણ ખરેખર તો એને દ્રવ્ય અડતુંય નથી. પર્યાય એક સમયની છે માટે અનિત્ય કહેવાય પણ દ્રવ્ય તેને અડતુંય નથી. પર્યાયનું સ્વરૂપ અનિત્ય છે એટલું જ; અનિત્ય સંબંધ છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. સર્વોડપિસંબંધ નાસ્તિઃ –એમ શ્રી કળશ ટીકાના ૨૦૦ મા શ્લોકમાં આવે છે. આહાહા! તારે કાને પડવી પણ મુશ્કેલ પડે એવી ગજબ વાત છે, જિંદગી એમ ને એમ ઢોર–પશુની જેમ ગઈ. ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, તીર્થંકર પરમાત્માની વાણી–'મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે. ' ભગવાનના મુખથી ૐધ્વનિ ઉઠી તે સાંભળી ગણધરો શાસ્ત્રની રચના કરે, ભવ્ય પ્રાણી તેનાથી સંશયને નિવારણ કરે. ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ જાણીને દ્રવ્યદ્રષ્ટિ કરે ને પર્યાયદ્રષ્ટિ છોડી દે, એનો સંશય દૂર થાય છે.

પર્યાયવિશેષ એવું જે અર્થાવબોધવિશેષ અર્થ નામ પદાર્થનું જ્ઞાનવિશેષ એટલું અહીં લીધું છે પણ પદાર્થની બધી પર્યાયો વિશેષ–એમ બધું લેવું. અર્થ નામ પદાર્થ

તેનો બોધ નામ જ્ઞાન એની જે પર્યાય તે દ્રવ્યમાં નથી. શબ્દાર્થ ટૂંકો કરવા જ્ઞાન તે આત્મા એમ બતાવવા આ શબ્દ લીધો છે; પણ અનંતગુણની જેટલી પર્યાયો છે તે બધી પર્યાયના વિશેષને સામાન્ય અડતું–ચુંબતું–સ્પર્શતું નથી. અરરર! અજ્ઞાનીને દાળ, ભાત ને ચૂરમાના લાડવા ખાય તેનો રસ આવે, પણ એ ચૂરમાને આત્મા અડતોય નથી, શરીરને અડતોય નથી; તું તેનું લક્ષ કરીને 'મને ઠીક પડે છે' એવો રાગ ઉત્પન્ન કરે છે, તે રાગના રસનો સ્વાદ લ્યે છે. અરેરે! આવી સત્ય વાત એના કાનેય પડે નહિ તો એ સત્ય વિના શું કરશે? ક્યાં જશે?

આહાહા! હજી શરીર મારામાં નથી, હું શરીરમાં નથી, સ્ત્રી મારી નથી, હું સ્ત્રીનો નથી–એ બેસવું કઠણ પડે એને કહે છે કે પર્યાય દ્રવ્યમાં નથી. એમ કહીને પછી કહ્યું કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આમ અલિંગગ્રહણનો શબ્દાર્થ કર્યો. લિંગ એટલે પર્યાયવિશેષ ગ્રહણ એટલે જેને નથી. આ આત્મા પર્યાયવિશેષથી નહિ સ્પર્શિત એવું શુદ્ધ દ્રવ્ય છે–એમ સરવાળો લીધો. આ ત્રણ બોલ ૧૮, ૧૯, ૨૦ અલૌકિક છે. જ્યારે પર્યાય જેને–દ્રવ્યસ્વભાવમાં નથી, જ્યારે નથી એટલે તે અલિંગગ્રહણ છે. એ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ સ્પર્શિત એવું શુદ્ધ દ્રવ્ય છે. એની કેવળજ્ઞાનની પર્યાયને પણ સ્પર્શતું નથી એવું દ્રવ્ય છે. પહેલું અસ્તિત્વ સિદ્ધ કરવું છે તે ક્યારે સિદ્ધ થાય?–પર્યાય છે ને દ્રવ્ય છે. –એ અસ્તિત્વને–સત્તાને કોઇ પરનો હેતુ હોઈ શકે નહિ. પર્યાય દ્રવ્યને કારણે છે–એમ નથી, પર્યાય દ્રવ્યમાં નથી. દ્રવ્યના જે અનંત ગુણો છે એની જે અનંતી નિર્મળ પર્યાયો છે તે નિર્મળ પર્યાયનું લક્ષ કરવા જઈશ તો તને રાગ થશે, દુઃખ થશે. શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ શ્રી મોક્ષપાહુડની ગાથા ૧૬ માં કહે છે કે "પરદ્રવ્યો દુગ્ગઈ" ત્રિલોકનાથ એમ કહે છે કે અમે તારાથી પરદ્રવ્ય હોવાથી ભિન્ન છીએ, અમારું લક્ષ કરવા જઈશ તો તારા ચૈતન્યની ગતિ દુર્ગતિ થશે એટલે કે રાગ થશે ને તેનાથી દુર્ગતિ થશે. ભાઈ, આ વાદવિવાદનો વિષય નથી, આ તો અંતરનો વિષય છે. હજી તો વ્રત, તપને કરે ને એનાથી ધર્મ થશે એમ માને તે તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ – અજ્ઞાની છે, પર્યાયનું લક્ષ કરવા જઈશ તો રાગ ને દુઃખ થશે, નિર્મળ પર્યાયનું લક્ષ –આશ્રય કરવા જઇશ તોપણ વિકલ્પ ઉઠશે. ભગવાન ત્રિકાળી વસ્તુ છે તે પર્યાયને અડતી નથી, અડતી નથી પછી તારે પર્યાયના લક્ષનું શું કામ છે? ભગવાન આત્મા અંદર પરિપૂર્ણ છે તેને સ્પર્શને! સ્પર્શનારી તે પર્યાય પણ દ્રવ્યમાં નથી. જૈનદર્શન – વીતરાગમાર્ગ બહુ ઝીણો–સૂક્ષ્મ છે. દિગંબર દર્શનમાં જ આ વાત છે, આવી વાત બીજે ક્યાંય નથી.

પરમાત્માની વાણીનો એ પોકાર છે, સંતો આડતીયા થઈને જગતને જાહેર કરે છે કે પ્રભુ! એકવાર સાંભળને! તારી જે નિર્મળ પર્યાય થાય એને પણ દ્રવ્ય અડતું નથી, સ્પર્શતું નથી, આવી બેની સ્વતંત્ર–ભિન્ન સ્થિતિ છે, જેનાથી સમ્યગ્દર્શન–જ્ઞાન

–ચારિત્રરૂપી ધર્મ પ્રગટયો એ પર્યાય પણ જેને નથી એટલે કે દ્રવ્યમાં નથી, તો પછી આવી ક્યાંથી? આવી દ્રવ્યમાંથી એમ પહેલાં કહેવાય ખરું પણ થઈ છે સ્વતંત્ર. ત્રણ સત્ છે એ સ્વતંત્ર છે; દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્–એમ ત્રણ સત્ છે. આ શ્રી પ્રવચનસારની ગાથાની રચના ભગવત્ કુંદકુંદાચાર્યદેવે કરી છે ને તેની ટીકા શ્રી અમૃત– ચંદ્રાચાર્યદેવે કરી છે; વર્તમાનકાળમાં તીર્થંકર જેવું કામ કુંદકુંદાચાર્યદેવે કર્યું છે ને તેમના ગણધર જેવું કામ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું છે. આ શબ્દો તો જુઓ! આવો સત્યનો પ્રવાહ, બીજે ક્યાંય મળે તેમ નથી. ભગવાન સત્ય પ્રવાહરૂપે ધ્રુવ છે તે જે અનિત્ય ક્ષણિક પર્યાય છે તેને અડતો નથી. હજી તો દ્રવ્ય ને પર્યાયની ખબર ન મળે, કોને કહેવું દ્રવ્ય ને કોને કહેવી પર્યાય? દ્રવ્ય એટલે કે પૈસો! 'દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ' એમ વાંચીને એક જણ કહે કે મહારાજ પૈસાવાળા તે જ સમ્યગ્દ્રષ્ટિ? તેને કહ્યું કે દ્રવ્ય એટલે આત્મા, દ્રવતિ ઇતિ દ્રવ્યમ! જે પર્યાયને દ્રવે તે દ્રવ્ય. આ પણ અપેક્ષાથી વાત છે. પર્યાય છે તે પરથી થતી નથી એટલું બતાવવા દ્રવ્ય પોતે દ્રવે છે ને પર્યાય થાય છે એમ સમજાવ્યું છે. એનાથી પણ આગળ જઈને કહે છે કે જે નિર્મળ પર્યાય આનંદની દાતા છે તે પર્યાયનો દાતા દ્રવ્ય નહિ. અહીં તો કહે છે કે દ્રવ્યમાં એ પર્યાય નહિ. એ રીતે આત્મા પર્યાયવિશેષથી–પર્યાયના ભેદના પ્રકારથી નહિ આલિંગિત, ભેદને સ્પર્શતો નથી એવું શુદ્ધ દ્રવ્ય છે. એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણમાંથી આવો અર્થ નીકળે છે. વિશેષ અવસરે કહેવાશે. (ક્રમશઃ)

## સંપૂર્ણ જૈન જગત કી અપૂરણીય ક્ષતિ

જન સમાજ કે સર્વાધિક ચર્ચનીય વ્યક્તિયોં મેં સે એક થે સ્વ. શ્રી કાનજી સ્વામી. લગભગ આધી શતાબ્દી તક ઉનકે વ્યક્તિત્વ કી સર્વત્ર ધૂમ મચી રહી. વહ જૈનાગમ કે અનન્ય એવં ઉત્સાહી પ્રેમી થે. ઉનકી વિચારધારા સે મતભેદ રખતે હુએ ભી ઉનકે જિનવાણીપ્રેમ પર ઉંગલી ઉઠાના કિસી ભી તરહ ન્યાયસંગત નહીં હોગા. આજ સમાજ મેં સ્વાધ્યાય કે પ્રતિ જો અદ્‌ભુત લગાવ દેખને મેં આ રહા હૈ, ઉસકા શ્રેય સ્વામીજી કો હી હૈ. જૈન સાહિત્ય કે વ્યાપક પ્રસાર એવં ધાર્મિક શિક્ષણ–શિબિરોં કે આયોજનોં કી પ્રેરણા મૂલરૂપ મેં ઉન્હીં સે પ્રાપ્ત હુઈ હૈ. ઉનકે ઇસ ઉપકાર કો સબકો સહજ ભાવ સે સ્વીકાર કરના હી ચાહિયે. ઉનકે નિધન સે સમ્પૂર્ણ જૈન જગત કી અપૂરણીય ક્ષતિ હુઈ હૈ.

ઉનકે વિયોગ સે જો રિક્તતા ઉત્પન્ન હુઈ હૈ, ઉસે ભરને કા સામૂહિક પ્રયત્ન હોના ચાહિએ. આશા હૈ કિ ઉનકે અનુયાયી વિવેકપૂર્વક સ્વામીજી કે મિશન કો આગે બઢાયેંગે તથા સમ્યક્ આલોચનાઓં પર ધ્યાન દેતે હુએ અપેક્ષિત સુધારોં કે લિએ સદૈવ સચેષ્ટ રહેંગે. મૈં ઉન્હેં હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હૂઁ!

–શ્રી નરેન્દ્રપ્રકાશજી જૈન, પ્રાચાર્ય, પી.ડી. જૈન ઇન્ટર કોલેજ,
ફીરોઝાબાદ (ઉ.પ્ર.)

# પરમાનંદની ઝંખનાવાળો પરમાત્માને નમે છે

આ ઇષ્ટોપદેશ પૂજ્યપાદ સ્વામીએ રચેલું છે. શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજ થયા પછી શ્રી સમંતભદ્રસ્વામી થયા, પછી આ પૂજ્યપાદસ્વામી થયા છે. જેમ કુંદકુંદાચાર્ય મહારાજ મહાવિદેહમાં ગયા હતા તેમ આ પૂજ્યપાદ સ્વામી મહાવિદેહમાં ભગવાનના દર્શન કરવા ગયા હતા. ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિની ટીકા પણ તેમણે કરી છે. બહુ સમર્થ મહાપંડિત બાળ બ્રહ્મચારી પૂજ્યપાદસ્વામી આત્મજ્ઞાન ધ્યાનમાં સમર્થ ધર્મધૂરંધર દિગંબરસંત થયા. તેમણે સમાધિશતક આદિ ઘણા ગ્રંથો બનાવ્યા છે. તેમાં આ ઇષ્ટોપદેશ એટલે આત્માને ઇષ્ટ–હિતકારી ઉપદેશ. ઇષ્ટ એટલે પ્રિયકારી, હિતકારી. આત્માને ઇષ્ટ મોક્ષ છે ને એ મોક્ષ કેમ થાય તેનો ઉપદેશ એ ઇષ્ટોપદેશ છે. તે આ ઇષ્ટોપદેશના ટીકાકાર પં. આશાધરજી પ્રથમ માંગલિક કરે છેઃ–

“તેની (ગ્રંથની) આદિમાં, જે જે ગુણોનો અર્થી છે તે તે ગુણોયુક્ત પુરુષવિશેષને નમસ્કાર કરે છે. તેથી પરમાત્માના ગુણોના અર્થી ગ્રંથકર્તા (શ્રી પૂજ્યપાદસ્વામી) પરમાત્માને નમસ્કાર કરે છે.”

જે જે ગુણના ચાહવાવાળા હોય છે તે તે ગુણ સંપન્ન પુરુષને નમસ્કાર કર્યા કરે છે. જે જીવને જે ગુણ જોઈએ છે એ ગુણ સંપન્ન પુરુષને એ નમસ્કાર કરે એવો સામાન્ય સિદ્ધાંત–નિયમ છે. કેમ કે જે ગુણ પોતાને જોઈએ છે એ ગુણ જેને પ્રગટ થયો છે તેને જ તે નમસ્કાર કરે છે. કેમ કે એ ગુણની પ્રાપ્તિ પોતાને જોઈએ છે. પૈસાવાળાને શેઠ સાહેબ શેઠ સાહેબ કહે, કારણકે પોતે પૈસાનો અર્થી છે. સમયસારમાં આવે છે કે લક્ષ્મીનો અર્થી છે એ રાજાની સેવા કરે, આત્માર્થી છે એ આત્માની સેવા કરે.

અહીં કહે છે કે જે જે ગુણને ચાહે છે તે તે ગુણથી સંપન્ન પુરુષને નમસ્કાર કરે છે એ સામાન્ય નિયમ થયો. પરમાત્માના ગુણને ચાહવાવાળા શ્રી પૂજ્યપાદસ્વામી ગ્રંથકર્તા પ્રથમ મંગલાચરણમાં પરમાત્માને યાદ કરે છે. પ્રભુ! મને પૂરણ શાંતિ ને આનંદ જોઈએ છીએ ને આપને પૂરણ આનંદ ને શાંતિ પ્રાપ્ત થયા છે માટે હું આપ પરમાત્માને નમસ્કાર કરું છું.

**સકલ કર્મનો ક્ષય કરી, પામ્ય સ્વયં સ્વભાવ,**
**સર્વજ્ઞાની પરમાત્મને, નમું કરી બહુ ભાવ. ૧.**

ભગવાન પરમાત્માને સંપૂર્ણ કર્મોનો અભાવ થયો છે ને પોતાના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ થઈ છે. અનંત આનંદ ને જ્ઞાન આદિ ગુણસંપન્ન આત્માની શ્રદ્ધા–જ્ઞાન

–ચારિત્રાત્મક પુરુષાર્થ વડે મોક્ષને પરમાત્માએ પ્રાપ્ત કર્યો છે. પુરુષાર્થ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પરથી સન્મુખતા છોડી, સ્વસન્મુખતા કરીને પરમાત્માએ પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી. સ્વયં પુરુષાર્થથી મોક્ષની પ્રાપ્તિ કરી એટલે કર્મનો અભાવ થઈ ગયો. જેને મોક્ષ પ્રિય છે, જેને અનંત આનંદ પ્રિય છે એ આનંદ માટે એ કાળ સામું જોઈને બેઠો રહેતો હશે? એ તો પોતાનો આત્મા અનંત આનંદ સ્વરૂપ છે તેની સન્મુખ જોઈને પુરુષાર્થ કરે છે ને ત્યારે તેનો કાળ પાકી ગયો છે. કાળ સામું જોઈને બેઠું રહેવું છે? કાળ એટલે શું? એની સામું શી રીતે જોવું? કાળ એ તો પર્યાય છે, એની સામું જોવું છે? ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ તેના પુરુષાર્થ દ્વારા સ્વભાવની પ્રાપ્તિ પરમાત્માએ કરી છે. કર્મ જવાથી પ્રાપ્તિ થઈ એમ નહિ, પુરુષાર્થથી પ્રાપ્તિ કરી છે.

જેને અનાદિ કાળથી વિકાર પ્રિય લાગતો હતો તેને આત્મા પ્રિય લાગ્યો ત્યારે પુરુષાર્થ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી છે, તેમાં કાળલબ્ધિ આવી જાય છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ આનંદ કંદની મૂર્તિ તેના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં જોડાણા તો એ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા; એ સિવાય કોઈ પરમાત્મા કેવળજ્ઞાનને પામ્યા નથી. આ રીતે અનંતા પરમાત્મા થયા, અત્યારે છે ને ભવિષ્યમાં થશે. –તેમ કહે છે.

આ તો ઈષ્ટોપદેશ છે. હિતકારી ઉપદેશ છે. ભાઈ? તારું હિત તો પરમાનંદ છે ને! એ પરમાનંદની પ્રાપ્તિ પરમાત્માએ શેમાંથી કરી? ક્યાં હતી તે કરી? શેમાં જોઈને કરી? શું કરીને કરી? એ કહે છે કે આત્મા પોતે શુદ્ધ આનંદસ્વરૂપ છે એમ અંતરની પ્રિયતાની રુચિમાં જોડાઇને દર્શન–જ્ઞાન–ચારિત્રનું આરાધનપણું કરીને પરમાનંદપણું પામ્યા છે.

આત્માના આરાધનથી ત્રણકાળ ત્રણ લોકને એક સમયમાં જાણે એવા કેવળજ્ઞાનની જેને પ્રાપ્તિ થઈ છે એવા પરમાત્માને મારા નમસ્કાર. મારું નમન, મારું વલણ, મારું ઘોલન, આવા સર્વજ્ઞ પરમેશ્વર તરફ જાય છે. લક્ષમાં કેવળજ્ઞાન લીધું છે, કેવળજ્ઞાનની આ રીતે પ્રાપ્તિ કરવી એવી પ્રતીત થઈ છે ને સ્વરૂપની રમણતા આચાર્યદેવ કરે છે. જેને પૂરણદશા પ્રાપ્ત થઈ છે ને મારે એ પૂરણદશા જોઈએ છે, આટલી અપૂર્ણદશામાં રહેવું છે એમ નથી પણ પૂરણદશા કેવળજ્ઞાન જોઈએ છે તેથી એવી પ્રાપ્તિ જેને થઈ છે એવા સર્વજ્ઞ ભગવાનને હું નમસ્કાર કરું છું એમ માંગલિક કર્યું.

શ્રી પૂજ્યપાદસ્વામી દિગંબર મહા સંત એમણે આ મંગલાચરણનો માણેકસ્થંભ રોપ્યો. લગ્નમાં માણેકસ્થંભ રોપે છે ને કે હવે આ લગ્ન કરશે ને ચારગતિમાં રખડશે! તેમ અહીં ચારગતિને ટાળવાનો આ માણેકસ્થંભ રોપ્યો છે. અમારે તો પરમાત્મપદ જોઈએ છે તેથી જેણે ભવનો નાશ કર્યો છે ને પરમાત્મા થયા છે તેને અમે નમસ્કાર

કરીએ છીએ, કારણ કે અમારે પરમાત્મપદ સિવાય કાંઈ જોઈતું નથી. સ્વર્ગ પણ જોઈતું નથી, દેહ પણ જોઈતો નથી, ભવ પણ જોઈતો નથી ને આ અપૂરણ દશા પણ જોઈતી નથી, અમારે તો પૂરણ પરમાત્મપદ જોઈએ છે એવી જેને ઝંખના છે તે, જેમને પરમાત્મપદ પ્રગટ થયું છે તેને નમસ્કાર કરે છે એમ કહીને, જે આત્મા હતા તેણે રત્નત્રયનું આરાધન પર્યાયમાં કર્યું ત્યારે એ સર્વજ્ઞ પરમાત્મપદ પામ્યા એમ વાસ્તવિક સ્થિતિ પણ સાથે બતાવી છે. અનાદિના સિદ્ધ હતા એમ નહીં, વસ્તુ અનાદિથી હતી તેની આરાધના કરીને પૂરણ પર્યાયને પ્રાપ્ત કરી છે. અનંત અનંત ગુણવાળું દ્રવ્ય તેની પર્યાયથી આરાધના કરીને પૂરણ પર્યાય પ્રગટ કરી એમ કહીને જીવ તત્ત્વ, સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ એમાં સમાડી દીધા.

આત્મા પોતાના સ્વભાવનું ભાન ન કરીને પોતે પરતંત્ર થાય છે ત્યારે એ પરતંત્રતામાં કર્મ નિમિત્ત છે, પરંતુ તેને પરતંત્ર કરાવતું નથી. આ આત્મા પોતાના આનંદ સ્વભાવને ભૂલીને રાગ–દ્વેષને આધીન થાય ત્યારે એ પોતે જ સ્વયં કર્તા થઈને પરાધીન થાય છે, ત્યારે તેમાં દ્રવ્ય કર્મ નિમિત્ત કારણ છે અને પરતંત્ર થાય તેમાં રાગ–દ્વેષ કારણ છે. રાગ–દ્વેષ થયા એમાં એ આધીન થયો ત્યારે કર્મને આધીન પોતે થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. જ્ઞાનની હીનતા, દર્શનની હીનતા, વીર્યની હીનતા ને આનંદ, શ્રદ્ધા તથા ચારિત્રગુણની વિપરીતતા એવી જે પરાધીન દશા એ પોતે કરેલી છે, તેને ભાવ ઘાતિકર્મ કહેવામાં આવે છે. ખરેખર તો વિકાર પરાધીનતામાં નિમિત્ત છે, કેમ કે અશુદ્ધ ઉપાદાન કહો, વ્યવહાર કહો કે નિમિત્ત કહો. આખો શુદ્ધ ઉપાદાન ભગવાન તેને વિકાર તે સંયોગ, નિમિત્ત, વર્તમાન, વ્યવહાર પૂરતો છે. પરાધીનતામાં વિકાર ને જડકર્મને નિમિત્ત કહેવામાં આવ્યું છે.

સંપૂર્ણ રત્નત્રયાત્મક સ્વરૂપ દ્વારા દ્રવ્યકર્મ ને ભાવકર્મ સર્વથા નષ્ટ થઈ જવાથી નિર્મળ નિશ્ચયરૂપ ચૈતન્યસ્વભાવની પ્રાપ્તિ ભગવાનને થઈ ગઈ છે. આવા પરમાત્માના ગુણસ્મરણની તો વાત શું કરવી પણ એનું નામ ગ્રહણ પણ સારું છે. પરતંત્રતાનું જે નિમિત્ત હતું એવા દ્રવ્ય કર્મને ભાવકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન ને અનંત આનંદ પ્રગટ થયા છે એવા પરમાત્માને–અન્ય મનમાં કહે છે તેવા પરમાત્માને નહિ પણ આવા પરમાત્માને–ઓળખીને હું વંદન કરું છું, આમને આમ આંધળા નમસ્કાર કરતો નથી એમ કહે છે.

ભગવાન પરમાત્માએ પોતાના પુરુષાર્થ વડે કર્મનો નાશ કરી–જડકર્મ ને ભાવકર્મનો નાશ પોતાના પુરુષાર્થ વડે કરીને પૂરણદશા પ્રગટ કરી છે એવા પરમાત્માને હું શુભભાવથી વંદન કરું છું. ભગવાનને વંદનનો ભાવ એ કાંઈ શુદ્ધભાવ નથી, શુભભાવ છે, પણ પોતાને પૂરણદશા પ્રગટ કરવી છે એવા ધર્માત્માને, જેને પૂરણદશા પ્રગટી છે એવા પરમાત્માને વંદનનો શુભભાવ આવ્યા વિના રહે નહિ. –૧

स्वयं स्वाभावाप्तिः –એ શબ્દ પહેલા શ્લોકમાં સાંભળીને શિષ્યને પ્રશ્ન થયો કે આત્માને સ્વયં જ અષ્ટગુણોની પ્રાપ્તિ થાય છે, તેમાં બીજું કાંઈ સાધન જોઈએ કે નહિ? જે શક્તિમાં ગુણો હતા તેની પરમાત્માએ પર્યાયમાં પ્રગટરૂપ સ્વયં પ્રાપ્તિ કરી છે, અભિવ્યક્તિ કરી છે. એમ સાંભળીને શિષ્ય પ્રશ્ન પૂછે છે કે મહારાજ અમને દ્રષ્ટાંતથી સમજાવો કે સ્વસ્વરૂપની સ્વયં કેવી રીતે પ્રાપ્તિ થઈ? દાખલા વિના સિદ્ધાંત શી રીતે સિદ્ધ થાય? માટે આપ અમને દાખલાથી સમજાવો કે ભગવાનને સ્વસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થઈ? જેનો સિદ્ધાંત હોય તેનો કોઈ વ્યવહાર–દાખલો તો હોય ને? જેનો દાખલો નથી તે કથનને કઈ રીતે ઠીક ગણી શકાય? તેથી શિષ્યના સમાધાન માટે બીજો કળશ કહે છે.

યોગ્ય ઉપાદાને કરી, પત્થર સોનું થાય,
તેમ સુદ્રવ્યાદિ કરી, જીવ શુદ્ધ થઈ જાય. ૨.

જેમાંથી સોનું જુદું પડે એવા સુવર્ણપાષાણનો દાખલો લીધો છે. જેમાંથી સોનું જુદું ન પડે એવા સુવર્ણપાષાણનો દાખલો નથી લીધો, કેમ કે અભવિની વાત નથી લેવી, ભવિ જીવની વાત લેવી છે. જેમાંથી સુવર્ણ જુદું પડે છે એવા સુવર્ણપાષાણમાં સોનું પણ છે અને માટી પણ છે તે અગ્નિના નિમિત્તથી સાચું સુવર્ણ થઈ જાય છે, પોતે જ ઉપાદાનથી સુવર્ણ થઈ જાય છે. સોનું પોતે જ પોતાથી સોળવલું થઈ જાય છે, અગ્નિ તો નિમિત્ત છે.

પંચાસ્તિકાયમાં આવે છે કે સોનું પોતે જ શુદ્ધ થતું થતું સોળવલું થવાને લાયક છે માટે થઈ જાય છે. અગ્નિ તો નિમિત્ત છે, પોતે જ સોળવલું થઈ જાય છે. આંધળા પાષાણમાંથી સોનું ન નીકળે, સુવર્ણ પાષાણમાંથી સોનું પોતે જ પરિણમતાં પરિણમતાં સોળવલું સોનું થઈ જાય છે. એમ ભગવાન આત્મા પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની યોગ્યતાથી, પોતાના પુરુષાર્થથી શુદ્ધ ઉપાદાનથી પોતાની શુદ્ધતાને પામે છે.

યોગ્ય ઉપાદાન શબ્દ વાપર્યો છે. સમયે સમયે પર્યાય પ્રગટવાની શક્તિ એની પોતાની છે. સોનાની વર્તમાન સોનાપણે પ્રગટવાની સમયે સમયે યોગ્ય ઉપાદાનની એની તાકાત છે તેનાથી સોનું પ્રગટ થાય છે. જેમ પાષાણ–વિશેષ એટલે કે સુવર્ણપાષાણ પોતેજ પોતાની યોગ્યતાથી બે આની, ત્રણ આની, ચાર આની એમ પરિણમતાં પરિણમતાં સોળવલાંપણે પરિણમી જાય છે, ત્યારે બહારથી અગ્નિ આદિને નિમિત્ત કહેવામાં આવે છે. જો અગ્નિથી સુવર્ણ થતું હોય તો પથ્થરમાંથી સોનું અગ્નિ થઈ જવું જોઈએ ને! એમ આત્મામાં યોગ્ય ઉપાદાનથી સમય સમયની શ્રદ્ધા–જ્ઞાન આદિ શક્તિ પ્રગટ થવાની પોતાની શુદ્ધતાની લાયકાત છે. એ પોતાની શુદ્ધતાથી પૂરણ શુદ્ધતાને પામે છે.

આ ઇષ્ટોપદેશ, આ હિતકારી ઉપદેશ પૂજ્યપાદસ્વામીના મુખમાંથી નીકળેલી વાણી છે. સોનું પોતાના યોગ્ય ઉપાદાનથી–નિમિત્ત ભલે હો પણ પોતાના યોગ્ય ઉપાદાનથી શુદ્ધ

સુવર્ણપણાને પામે છે. તેવી રીતે પોતાનો ભાવ અને બહારમાં ક્ષેત્ર, દ્રવ્ય આદિ નિમિત્ત મળવાથી આ આત્મા અલ્પજ્ઞતામાંથી પોતાના અંતર શુદ્ધ ઉપાદાનથી ચૈતન્યસ્વરૂપપણે–પૂરણપણે પરિણમી જાય છે. પોતાને પામવાની લાયકાત હોય તો એને યોગ્ય એવા બાહ્ય નિમિત્ત હોય; કેવળજ્ઞાન પામવાની યોગ્યતા હોય તો સંઘેણ ને મનુષ્યદેહ આદિ નિમિત્ત હોય જ.

સુવર્ણપાષાણની જેમ સુદ્રવ્ય, સુક્ષેત્ર આદિ સામગ્રી મળવાથી, અંદરમાં ભાવની સામગ્રી પર્યાયમાં મળે છે ને બહારમાં દ્રવ્ય આદિ નિમિત્ત હોય જ છે ત્યારે ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. એકલા જ્ઞાન, દર્શન, આનંદ આદિ પૂરણ તેને ચૈતન્યસ્વરૂપ આત્મા કહેવામાં આવે છે. એ પોતાના ઉપાદાનકારણથી ચૈતન્યસ્વરૂપ થયો છે. નિમિત્ત છે ખરું, પણ નિમિત્તથી કાંઈ થતું નથી. પોતાના પુરુષાર્થની ભાવસામગ્રી મળવાથી જીવ પણ ચૈતન્યસ્વરૂપ આત્મા થઈ જાય છે. અલ્પજ્ઞ, અલ્પદર્શી એ કાંઈ ચૈતન્યસ્વરૂપ આત્મા નથી, એ તો હીણો આત્મા છે, વ્યવહારી આત્મા છે. પોતાના શુદ્ધ ઉપાદાનની અંદરની જાગૃતિથી પૂરણ ચૈતન્યસ્વરૂપની અભિવ્યક્તિ થઈ જાય છે એવા પરમાત્માને સોનાનો દાખલો લાગુ પડે છે.

કાર્ય થાય તેમાં ધ્રુવ ઉપાદાન છે એમ અહીં વાત નથી, કાર્ય ઉત્પાદન સમર્થ ઉત્પાદનકારણ મળવાથી સુવર્ણપાષાણ જેમ સોનું બની જાય છે તેમ પોતાનો ભાવ, પોતાના અસંખ્ય પ્રદેશ, પોતાનું દ્રવ્ય ને કાળ પોતાની પર્યાય તથા નિમિત્ત તરીકે દ્રવ્ય – ક્ષેત્ર–કાળ–ભાવ મળવાથી સંસારી આત્મા નિશ્ચય ચૈતન્યસ્વરૂપ થઈ જાય છે. બીજા શબ્દોમાં સંસારી પ્રાણી જીવાત્મામાંથી પરમાત્મા થઈ જાય છે, –એમ શિષ્યને દ્રષ્ટાંત પૂર્વક ઉત્તર કહ્યો. (ક્રમશઃ)

**સૂચનાઃ** -

શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ મુંબઈ તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી શ્રી પ્રવચન રત્નાકર રૂપે પ્રસિદ્ધ થાય છે, જેમાં નીચે મુજબની એક સ્કીમ છે.

(૧) પુસ્તકની કિંમત ઘટાડવા માટે જે દાતાર રૂા. ૨૦,૦૦૦=૦૦ આપે તેનાં ૫૦૦૦ પ્રતમાં ફોટો મુકવામાં આવે છે.

(૨) રૂા. ૧૦,૦૦૦=૦૦ જે દાતાર આપે તેના ૨૫૦૦ પ્રતમાં ફોટો મુકવાની સ્કીમ છે. પરંતુ આ સ્કીમનો અનાદર કરીને આજકાલ ઘણા ભાઈઓ પુસ્તકો ખરીદી તેમાં પોતાનાં સગા–સંબંધીઓના ફોટા મુકવામાં આવે છે. તે બિલકુલ યોગ્ય નથી. જેથી ટ્રસ્ટવતી જાહેર કરવામાં આવે છે કે કોઈ પણ મુમુક્ષુભાઈ આવી પ્રવૃત્તિ ન કરે.

– શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ મુંબઈ–ટ્રસ્ટીઓ.

# જ્ઞાનગોષ્ઠી

પ્રશ્નઃ –દ્રવ્યની સિદ્ધિ તો પર્યાયથી થાય છે તો પર્યાય ઊંચી થઈ?

ઉત્તરઃ –દ્રવ્યની પ્રસિદ્ધિ ભલે પર્યાય કરે છે પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો અનંતી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ છે. એની કિંમત છે. એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકના પદાર્થો જાણે છે પણ દ્રવ્ય તો એથી અનંત ગુણી પર્યાયનો પિંડ છે એથી પર્યાય કરતાં દ્રવ્યની કિંમત અનંતગુણી છે. એવા દ્રવ્યની કિંમત થાય તો પર્યાયમાં આનંદનું વેદન આવે.

પ્રશ્નઃ –દ્રવ્યમાં પડેલો આનંદ કામમાં–ભોગવટામાં આવતો નથી અને પર્યાયનો આનંદ કામમાં–ભોગવટામાં આવે છે તે પર્યાયની કિંમત વધે છે?

ઉત્તરઃ –પર્યાયમાં ભોગવટામાં આવતો આનંદ એક ક્ષણ પૂરતો છે ને દ્રવ્ય તો ત્રિકાળી આનંદનો પિંડ છે. ક્ષણે ક્ષણે દ્રવ્યમાંથી આનંદનો પ્રવાહ આવે છે, એથી દ્રવ્ય આનંદનો સાગર છે. આનંદના સાગરની કિંમત વિશેષ છે.

પ્રશ્નઃ –વ્યય થતી પર્યાયના સંસ્કાર ઉત્પાદ પર્યાયમાં આવે છે?

ઉત્તરઃ –પર્યાયનો વ્યય થઈને ધ્રુવમાં ભળે છે. વ્યય પર્યાય ઉત્પાદમાં સંસ્કાર મુકતી નથી. પૂર્વના સંસ્કાર નવી પર્યાયમાં મૂકે છે એ બૌધનો મત છે. તે ખોટી વાત છે. ઉત્પાદ પર્યાયને વ્યયની અપેક્ષા નથી, સ્વતંત્ર છે.

પ્રશ્નઃ –તો પછી નવી પર્યાયમાં પૂર્વનું સ્મરણ આવે છે તે ક્યાંથી આવે છે?

ઉત્તરઃ –ઉત્પાદ પર્યાયમાં સ્મરણ આવે છે તે ઉત્પાદના સામર્થ્યથી આવે છે. વ્યય પર્યાયમાં જે જ્ઞાન છે એથી પણ વિશેષ જ્ઞાન ઉત્પાદ પર્યાયમાં આવે, પણ તે ઉત્પાદ પર્યાયના સામર્થ્યથી આવે છે.

* જેમ રોટલીના લોટને કેળવે છે તેમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ. એને ભાવ–ભાસન થયું જોઈએ. ભગવાન કહે છે માટે નહિ પણ એને પોતાથી ભાવ ભાસવો જોઈએ કે હું આવો મહિમાવંત ચૈતન્ય પદાર્થ છું. એની સન્મુખ થવાથી જ સંસારના દુઃખથી છુટકારો થાશે એમ ભાસવું જોઈએ.

પ્રશ્નઃ –શુદ્ધનયનો પક્ષ એટલે શું?

ઉત્તરઃ –શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ નથી થયો, પણ રુચિ એવી થઈ છે કે તે જીવ અનુભવ કરે જ. પણ એમાં કોઈ બચાવ કરે, ન હોય ને માની લ્યે એમ નહિ પણ કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. તે જીવને જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

પ્રશ્નઃ –તિર્યંચને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં કેમ આત્મા પકડાતો નથી ?

ઉત્તરઃ –ઈ જાતનું પ્રમાણ આવવું જોઈએ. તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી. જ્ઞાનમાં એનું જેટલું જોર જોઈએ એ જોર આવતું નથી એટલા પ્રકારથી એને સ્પૃહા–આશા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી–આત્મા પકડાતો નથી.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થતું નથી એ પુરુષાર્થની નબળાઈ સમજવી ?

ઉત્તરઃ –વિપરીતતાના લઈને સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની નબળાઈના લઈને ચારિત્ર અટકે છે. એને બદલે સમ્યક્ નહિ થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાદોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે ડુંગર જેવડા વિપરીત માન્યતાના દોષને છેદી શકે નહિ.

પ્રશ્નઃ–આત્માને કેમ ખમાવવો ?

ઉત્તરઃ–અનંતગુણમય–જ્ઞાનાનંદમય આત્માનું સ્વરૂપ ઓળખવું. આત્મામાં કોઇ વિભાવ નથી. આત્મા તો ક્ષમાનો સાગર છે, શાંતિનો સાગર છે. અનંતકાળથી અનંત ભાવો થયા, ગમે તેટલા નિગોદના ભવો થયા છતાં આત્મા તો ક્ષમાનો ભંડાર છે એને ઓળખવો એ જ સાચી ક્ષમા છે.

પ્રશ્નઃ–જીવ અજીવના કાર્યો ભલે ન કરી શકે પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે છે ને ?

ઉત્તરઃ–જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા અવળા ગમે તેમ કરી શકે નહિ. જગતમાં બધું વ્યવસ્થિત ક્રમસર થાય છે, ક્યાંય ફેરફાર થઇ શકતો નથી. ઉતાવળો માણસ ફેરફાર કરવાનું માને ભલે પણ ફેરફાર કાંઇ થઇ શકતો નથી. એનો સાર એ છે કે ભાઇ ! તું ધ્રુવ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે .

* ભગવાન એકલો જ્ઞાનસ્વભાવ છે. કેવળજ્ઞાનનો વિકલ્પ પણ નથી. એકલો જ્ઞાનસ્વભાવ છે એને પ્રગટ કરવા માટે કોઇની પણ જરૂર નથી એવો અસંગ છે. આહાહા ! બીજાના અસ્તિત્વ છે છે...છે...એનો જાણનાર છે. પૂરણ પોતે છે એની પ્રતીત થાય છે એ બીજ રોપ્યા છે એને કેવળજ્ઞાન થાય છે. આજે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયાનો દિવસ છે એથી કેવળજ્ઞાનના બે શબ્દ કહ્યાં.

પ્રશ્નઃ –આજે કેવળજ્ઞાનને બોલાવ્યું? હા. આજે કેવળજ્ઞાનનો દિવસ છે ને! એની અસ્તિમાં વિપરીતતા નથી, પરનો સંગ નથી એવી અસ્તિરૂપ મહાપ્રભુ છે.

* બીજા પદાર્થો અસ્તિરૂપ છે એની એને ક્યાં ખબર છે? એને જાણનારો જાણે છે. જગતના પદાર્થોને જાણનાર પ્રસિદ્ધ કરે છે કે જગતના પદાર્થો છે. જે હોય તે પૂર્ણ જ હોય, પરમાણુ પણ પૂર્ણ જ છે, તેના અસ્તિત્વની એને ખબર નથી. તેને જ્ઞાન જાણે છે, પ્રત્યક્ષજ્ઞાન પ્રમાણ છે. આજે કેવળજ્ઞાનનો દિવસ છે. ઇન્દ્રો આવીને ઉજવે છે. ભગવાનને એનું કાંઈ નથી, એને તો પૂર્ણ આનંદ છે.

પ્રશ્નઃ –રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો કાંઈક ટૂંકો રસ્તો બતાવો?

ઉત્તરઃ –આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છે અભેદ છે એની દ્રષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે, તેથી ભેદનું લક્ષ છોડીને અભેદની દ્રષ્ટિ કરવી – એ ટુંકો સાર છે.

પ્રશ્નઃ– સ્વમાં હિતબુદ્ધિ કેમ થાય?

ઉત્તર : પોતે મહાન અસ્તિરૂપ પ્રભુ છે એના તરફ પર્યાય વળે ત્યારે થાય, મૂળ પુરુષાર્થ તો એમાં જ છે.

* ભાઈ! આ તો સનાતન સ્યાદ્વાદ જૈનમાર્ગ છે. ધ્રુવ દ્રવ્યની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાય પણ હેય છે, છતાં શુભ રાગ આવે, હોય છે, એના નિમિત્તો દેવ –શાસ્ત્ર–ગુરુ હોય તે જેમ છે તેમ જાણવું જોઈએ. ભગવાનની પ્રતિમા શુભ રાગનું નિમિત્ત છે. ભલે તેનાથી ધર્મ નથી પણ શુભ રાગ હોય છે તેમાં નિમિત્ત ભગવાનની પ્રતિમા હોય છે, એ ન માને તો મિથ્યાદ્રષ્ટિ છે.

* રાગ છે તે જાણેલો પ્રયોજનવાન છે પણ તે હેયબુદ્ધિએ છે અને શુદ્ધ પર્યાય છે તે પણ જાણવા લાયક છે પણ આદર બુદ્ધિએ છે. ❄ ❄ ❄

## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ

તા. ૧૬-૩-૧૯૮૧

ગામ

સવિનય નિવેદન જે સોનગઢ મુકામે તા. ૧૫–૩–૮૧ ના રોજ આપણા ટ્રસ્ટની મિટિંગ મળેલી જેમાં નવા ટ્રસ્ટીઓ પણ હાજર હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનું સારામાં સારું અને ભવ્ય સ્મારક થાય એ માટે ટ્રસ્ટીઓ તથા સર્વે મુમુક્ષુઓ આતુર છે. આ અંગે જુદા જુદા સૂચનો ઉપર સર્વાંગી વિચાર કરવામાં આવેલો અને સર્વાનુમતે એમ નિર્ણય લેવામાં આવેલો કે પૂજ્ય ગુરુદેવશ્રીના સ્મારકમાં સૌથી સારામાં સારી રચના શ્રી પંચમેરુ સહિત નંદીશ્વરદ્વીપ બાવન શાશ્વત જિનાલય હોઈ શકે, એમ લાગતાં આ સ્મારક ભવનમાં શ્રી પંચમેરુ સહિત નંદીશ્વરદ્વીપ બાવન જિનાલય ઉપરાંત બીજી રચનાઓ પણ

ગોઠવવાનું વિચારેલ છે. જેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતો પણ આવી જશે અને ઉપરના ભાગમાં પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત લેવામાં આવશે. જુદી જુદી બીજી રચનાઓ હજી વિચારણા નીચે છે, તેથી તે અંગે ઉપયોગી સૂચનો હોય તો જરૂર વહેલાસર મોકલી આપવા વિનંતી છે. જેથી હવે પછીની ટ્રસ્ટીઓની મિટિંગમાં નિર્ણય લેવામાં સાનુકૂળતા રહે.

પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ સ્થળે સમાધિ-મંદિર નિર્માણ કરવાનું હોઈ આ અંગે જેઓ સૂચના આપવા ઇચ્છતા હોય તેઓને બની શકે તો ફોટોગ્રાફ, ડિઝાઈન સહિત વિગતસર માહિતી મોકલી આપવા વિનંતી છે.

–પ્રમુખ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

તા. ક. – આ પત્રની જાણ આપના કાર્યકર્તાઓ તથા સર્વે મુમુક્ષુઓને થાય તે રીતે વ્યવસ્થા કરશોજી.

## પૂજ્ય ગુરુદેવશ્રીના હિન્દી તથા ગુજરાતી ટેપ-રેકોર્ડેડ પ્રવચનોની વિગત

| શાસ્ત્ર | કુલ પ્રવચનો | નોંધ |
|---|---|---|
| શ્રી સમયસાર શાસ્ત્ર | ૩૩૨૨ | ૧૯મી વખતના ૫૨૯ પ્રવચનો |
| શ્રી પ્રવચનસાર ,, | ૯૭૩ | છેલ્લીવારના ૨૦૫ ,, |
| શ્રી નિયમસાર ,, | ૧૪૩૦ | ( અમુક અધિકાર ઉપર ),, ૧૩૧,, |
| શ્રી પંચાસ્તિકાય ,, | ૧૦૫ | છેલ્લીવારના ૬૦ પ્રવચનો |
| શ્રી અષ્ટપાહુડ ,, | ૪૦૨ | ,, ૨૦૬ ,, |
| શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૨૩૧ | સળંગ ૧૮૧ ,, |
| શ્રી સમયસાર કળશટીકા | ૧૦૫૫ | છેલ્લીવારના ૨૫૯ ,, |
| શ્રી પરમાત્મ પ્રકાશ | ૩૮૧ | ,, ૨૪૫ ,, |
| શ્રી નાટક સમયસાર | ૨૦૦ | ૧૯૭૧ માં પ્રવચનો થયા |
| શ્રી છ-ઢાળા | ૫૦ | ૧૯૬૬ માં ,, |
| શ્રી ઇષ્ટોપદેશ | ૫૬ | ૧૯૬૬ માં ,, |
| શ્રી યોગસાર | ૪૫ | ૧૯૬૬ માં ,, |
| શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય | ૮૯ | ૧૯૬૭ માં ,, |
| શ્રી સમાધિતંત્ર | ૧૫૫ | ૧૯૭૫ માં ,, |
| કુલ | ૮૪૫૪ પ્રવચનો | |




## ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અન્તર્ગત પંચમેરુ-નંદીશ્વર-જિનાલય તથા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી વચનામૃતભવન અને બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન.

તા. ૧૫–૩–૮૧ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની એક મીટિંગ સોનગઢમાં મળી હતી. તેમાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે કે, આપણા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પુનિત પ્રભાવના–ઉદયના એક અંગભૂત એવા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નામવાળા જે ભવ્ય નિર્માણની પૂજ્ય ગુરુદેવને ભાવના હતી અને જેના શિલાન્યાસના શુભ પ્રસંગે પોતે ઉપસ્થિત રહી શિલા તેમ જ ઇંટો ઉપર ‘સ્વસ્તિક’ કરીને ‘માંગલિક’ સંભળાવ્યું હતું તે ‘બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન’ ની નિર્માણ–યોજનાના રૂપમાં અભિવૃદ્ધિ કરી તેને ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત ‘પંચમેરુ–નંદીશ્વર–જિનાલય તથા ગુરુદેવશ્રી કાનજીસ્વામી વચનામૃતભવન અને બહેનશ્રી ચંપાબેન વચનામૃતભવન’ નામનું ત્રિવિધ એક પવિત્ર ધામ બનાવવું. આ ત્રિપટી ભવ્ય યોજનાના નિર્માણનો આરંભ શીઘ્ર શરૂ કરી દેવો એ નિર્ણય પણ સર્વાનુમતે લેવામાં આવ્યો છે.

તદુપરાંત, પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન સમાધિસ્થળ ઉપર ‘સમાધિમંદિર’ના પ્રતીકરૂપ આરસપાષાણની એક ભવ્ય દેરી વગેરે બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

–બ્ર. ચંદુલાલ જૈન

## અધ્યાત્મપ્રેમી વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈના સોનગઢમાં આધ્યાત્મિક પ્રવચનો

આ અષ્ટાહ્નિકા પર્વ પ્રસંગે સોનગઢમાં તા. ૧૨–૩–૮૧ થી તા. ૨૨–૩–૮૧ સુધી અધ્યાત્મપ્રેમી વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈ મોદીના આધ્યાત્મિક પ્રવચનો થયા હતા. તેઓશ્રીએ સવારે શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૧૩, ૧૪, ૧૫ ઉપર તથા બપોરે શ્રી નિયમસાર શુદ્ધભાવ અધિકારની ગાથાઓ ઉપર પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા આધ્યાત્મિક પ્રવચનો આપ્યા હતા, જે સાંભળતાં શ્રોતાઓ પ્રમુદિત થયા હતા. તદુપરાંત રાત્રે ૮ાા થી ૯ાા ટ્રસ્ટી શ્રી શાંતિભાઈ ઝવેરીના બંગલે તેઓશ્રીની રાત્રિચર્ચા રાખવામાં આવતી હતી. આ પ્રસંગે એમની આધ્યાત્મિક વાણીનો લાભ લેવા માટે મુંબઈ, અમદાવાદ, રાજકોટ, સૂરત, ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર, મોરબી ઇત્યાદિ અનેક ગામોથી મુમુક્ષુઓ અત્રે આવ્યા હતા.

તા. ૧૫–૩–૮૧ ના રોજ ટ્રસ્ટની મીટિંગ દરમ્યાન તથા ટ્રસ્ટીઓએ પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહને સોનગઢમાં પ્રવચન આપવા આગ્રહ ભરી વિનંતી કરી હતી, પરંતુ

તેઓશ્રીએ આ વિનંતી સ્વીકારી ન હતી. સર્વે ટ્રસ્ટીઓએ તથા કેટલાક મુમુક્ષુઓએ વિદ્વાન ભાઈ શ્રી લાલચંદભાઈને સોનગઢમાં સ્થાયી રહીને પ્રવચન આપવા વિનંતી કરી હતી પરંતુ સ્વાસ્થ્યની અનુકૂળતા ન હોવાથી તેઓશ્રીએ વર્ષમાં પાંચ મુખ્ય પ્રસંગો ઉપર ( ફાગણ માસની અષ્ટાહ્નિકા, વૈશાખ સુદ–૨ નો મહોત્સવ, શ્રાવણ વદ ૨ નો મહોત્સવ, દીવાળી પર્વ અને પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય તિથિ પ્રસંગે ) સોનગઢ આવીને પ્રવચનો આપવાની સ્વીકૃતિ આપી છે. આ ઉપરાંત પં. શ્રી યુગલજી, ડો. હુકમચંદજી ભારિલ્લ, પં. જ્ઞાનચંદજી, પં. કેશરીચંદજી ધવલ, શ્રી હીરાલાલ ભીખાલાલ દેહગામ આદિ પ્રવક્તાઓના પણ સોનગઢમાં પ્રવચનો ગોઠવવા માટે ટ્રસ્ટીઓએ તેઓની અનુમતિ મંગાવેલ છે.

* સોનગઢમાં રોજ નિયમિત રીતે સવારે જિનેન્દ્ર દર્શન–પૂજન, ત્યારબાદ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ–રેકોર્ડિંગ પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું વાંચન, જિનેન્દ્ર–ભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર–મહિમાની ગુરુભક્તિ અને ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ચૌદ વર્ષ પહેલાંના શ્રી છ–ઢાળા ઉપરના પ્રવચનોનું ટેપ રેકોર્ડિંગ વગાડવામાં આવે છે. આ રીતે અહીં આખો દિવસ સ્વાધ્યાય –ભક્તિની પ્રવૃત્તિ ચાલી રહી છે. ભગવાન શ્રી બાહુબલીજીના સહસ્ત્રાબ્દિ સમારોહના કારણે ફેબ્રુઆરી તથા માર્ચ દરમિયાન રોજ યાત્રાળુઓની ૨–૪ થી માંડીને ૧૪–૧૫ બસો સોનગઢ આવ્યા જ કરે છે. યાત્રાળુઓ આ પૂ. ગુરુદેવશ્રીની સાધનાભૂમિ તીર્થધામના દર્શનથી તેમજ રેકોર્ડિંગ હિન્દી પ્રવચનો અને ફિલ્મથી ખૂબ પ્રભાવિત થાય છે. વિશ્રાંતિગૃહનો સારો એવો ઉપયોગ પણ થઈ રહ્યો છે. જમવા માટેની વિદ્યાર્થીગૃહની સર્વિસ તેમજ રસોઈથી પણ લોકોને ઘણો સંતોષ થઈ રહ્યો છે.

* અસીમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૨ મી જન્મજયંતીના ઉપલક્ષમાં ચૈત્ર વદ ૧૩ થી વૈશાખ સુદ ૩ ( એકમનો ક્ષય ) તા. ૨–૫–૮૧ થી તા. ૬–૫–૮૧ સુધી સોનગઢમાં જન્મજયંતી મહોત્સવ ઉજવવામાં આવશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને સોનગઢ લાભ લેવા આવવા માટેની આમંત્રણ–પત્રિકા ટ્રસ્ટ તરફથી મોકલવામાં આવશે. આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ સમાચાર મુજબના **નંદીશ્વરદ્વીપ માટેનું ખાતમુહૂર્ત વૈશાખ સુદ ૩ ના રોજ નાઈરોબીનિવાસી શ્રી રાયચંદભાઈ દેવનભાઈ શાહના** સુહસ્તે કરવામાં આવશે.

* અષ્ટાહ્નિકા પર્વ પ્રસંગે છેલ્લા ચાર દિવસ માટે ટ્રસ્ટી શ્રી રતનલાલજી ગંગવાલ તથા શાંતાબેન શાંતિલાલ ઝવેરી તરફથી ધાર્મિક પુસ્તકોનું અર્ધી કિંમતે વેચાણ રાખતાં રૂપિયા સાત હજારના પુસ્તકોનું વેચાણ થયું હતું.

* શ્રી સીમંધરસ્વામી જિન મંદિરમાં ૪૧ માં વાર્ષિક દિન–ફાગણ સુદ બીજ નિમિત્તે

સાત દિવસ સુધી જિનમંદિરમાં રાત્રે સમૂહભક્તિ કરવામાં આવતી હતી. બીજના દિવસે સવારે સમૂહપૂજન, પ્રવચન બાદ જિનેન્દ્ર રથયાત્રા અને અભિષેક તથા સાંજે આરતી રાખવામાં આવી હતી. તેમજ શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિરના આઠમાં વાર્ષિક દિન–ફાગણ સુદ તેરસના રોજ જિનેન્દ્ર પૂજન, પ્રવચન બાદ જિનેન્દ્ર રથયાત્રા અને અભિષેક તથા સાંજે આરતી રાખવામાં આવી હતી.

*** અષ્ટાહ્નિકા પર્વ પ્રસંગે કેટલાક વિદ્વાનો નીચે જણાવ્યા મુજબ સ્થળોએ વાંચન કરવા ગયા હતાઃ-**

| | | | |
|---|---|---|---|
| સોનગઢ | : શ્રી લાલચંદભાઈ મોદી | શિરપુર | ડો. હુકમચંદજી ભારિલ્લ |
| કોટા | : પં. જ્ઞાનચંદજી વિદિશા | જયપુર | પં. રતનચંદજી ભારિલ્લ |
| રાઘવગઢ | : બ્ર. હેમચંદજી ભોપાલ | ભીલવાડા | બ્ર. યશપાલ જૈન |
| બકસવાહા | : પં જ્ઞાનચંદજી બડફુર | ભીંડર | પં. છગનલાલજી લોહારદા |
| જલગાંવ | : બ્ર. રમેશભાઈ મલકારપુર | | |

## ગોમટેશ્વર ભગવાન બાહુબલિનો ઉજવાયેલો ભવ્ય મહામસ્તકાભિષેક મહોત્સવ

વિશ્વની સાતમી અજાયબી, સુપ્રસિદ્ધ, આશ્ચર્યકારી, શ્રવણબોલગોલાના ૫૭ ફૂટના ભગવાન બાહુબલિની વિરાટ મૂર્તિની પ્રતિષ્ઠાના ૧૦૦૦ વર્ષ પૂરા થતાં તા. ૨૨–૨–૮૧ ના રોજ લગભગ પાંચ લાખ ઉપરાંત યાત્રાળુઓની ઉપસ્થિતિમાં મહામસ્તકાભિષેકનો સહસ્ત્રાબ્દિ સમારોહ સાનંદ ઉજવાયો. આ સહસ્ત્રાબ્દિ સમારોહનું ઉદ્દ્ઘાટન ભારતના પ્રધાન મંત્રી શ્રીમતિ ઇન્દિરા ગાંધી દ્વારા તા. ૨૧–૨–૮૧ ના રોજ હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટિ વડે કરવામાં આવ્યું હતું. મહામસ્તકાભિષેકનો પ્રથમ લાભ અનુક્રમે શ્રી પન્નાલાલજી રતનલાલજી ગંગવાલ કલકત્તા, શ્રી લાલચંદ હીરાચંદના ધર્મપત્નિ મુંબઈ તથા શ્રી શાહૂ શ્રેયાંસ પ્રસાદ જૈન, દિલ્હીને પ્રાપ્ત થયો હતો. ભારતના લગભગ ૨૦૦ શહેરોમાં પ્રવાસ કરીને આવેલ જનમંગલકલશ દ્વારા ૨૩ લાખ ૮૫ હજાર રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. વહેલી સવારથી રાત્રે ૧૧ વાગ્યા સુધી પર્વત પર યાત્રાળુઓનો ધસારો રહેતો હતો. આ મહા મહોત્સવનો રીપોર્ટ લેવા, ફિલ્મ લેવા તથા ટી. વી. અને વીડીયો ફિલ્મ માટે પરદેશથી પણ સમાચાર સંસ્થાના કાર્યકરો હજારો રૂપિયા ખર્ચીને આવ્યા હતા. જાપાન–ટોક્યિોથી ૮૦ લાખ નકલના ફેલાવાવાળા દૈનિક–પત્ર માટે, અમેરિકાના અડધો ડઝન જેટલા જગતમશહૂર મેગેજીનો માટે, કેનેડા, સ્પેન આદિ અનેક દેશોથી રીર્પોટરો આવ્યા હતા. આ ભવ્ય મહોત્સવ માટે કર્ણાટક સરકારે પૂરો સહકાર આપ્યો હતો. શ્રી કુંદકુંદ કહાન દિગમ્બર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ દ્વારા રૂપિયા વીસ હજારના પુસ્તકોનું વેચાણ કરાયું હતું. ❄ ❄ ❄

* અષ્ટાન્હિકામાં શ્રી નંદીશ્વર દ્વીપ-મંડલ-વિધાન-પૂજા સ્વ. રાધાબેનની સ્મૃતિમાં શ્રી મગનલાલ સુંદરજી મહેતા તરફથી રાખવામાં આવી હતી.




* લીંબડીનિવાસી શ્રી બાપાલાલ જગજીવનદાસ શાહ (વર્ષ-૫૫) તા. ૧૬-૧-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી (હાલ-ભાંડુપ) શાંતિલાલ પાનાચંદ ડગલી (વર્ષ-૭૮) તા. ૨૭-૧-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી વૃજલાલ કસ્તુરચંદ શાહ (વર્ષ - ૬૮) તા. ૨૧-૨-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી હાલ મુંબઇ, શ્રી કાળીદાસ હકમચંદ કામદાર (વર્ષ-૭૭) તા. ૪-૩-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી (હાલ-સોનગઢ) શ્રી અમૃતલાલ નરભેરામ કામદાર (વર્ષ-૭૧) તા. ૪-૩-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢ નિવાસી ગોમતીબેન લાલજીભાઈ ઝવેરી (વર્ષ - ૯૧) તા. ૬-૩-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી (હાલ-બેંગલોર) જેકુંવરબેન પોપટલાલ શેઠ (વર્ષ-૯૨) તા. ૧૨-૩-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી ઝબકબેન પ્રાણલાલ મહેતા ધ્રોળવાળા (વર્ષ-૮૨) તા. ૧૭-૩-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી વૃજલાલ કળશચંદ સંઘવી (વર્ષ - ૫૮) તા. ૧-૩-૮૧ ના રોજ હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોંડલનિવાસી શ્રી વસંતરાય વનમાળી કામદાર (વર્ષ - ૬૦) તા. ૧૦-૩-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

-સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રતિ અત્યંત ભક્તિભાવ હતો. સદ્ગત આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ ભાવના.

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

( ૧ ) જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બન્ને મરે જ છે તો વીરતાથી અર્થાત સંકલેશ પરિણામોનો ત્યાગ કરીને શાંત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું શાંત–પરિણામી થઈને પ્રાણોનો ત્યાગ કરીશ.

( શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર–બૃ–પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા–૯૬ )

( ૨ ) હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન ( ફીક્કા ) થઈ ગયા છે, જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે.

( શ્રી પદ્મનંદી–પંચવિંશતિ, જિનવર સ્તવન, શ્લોક–૨૨ )

( ૩ ) હે જીવ ! જે પાપનો ઉદય જીવોને દુઃખ આપીને, શીઘ્ર મોક્ષ જવાને યોગ્ય ઉપાયોમાં બુદ્ધિ કરાવે છે તો તે પાપનો ઉદય પણ ભલો છે એમ જ્ઞાનીઓ કહે છે.

( શ્રી યોગીન્દ્ર આચાર્ય, પરમાત્મ પ્રકાશ, અધ્યાય–૨, શ્લોક–૫૭ )

( ૪ ) ઘણો લાંબો સમય અતિચાર રહિત જ્ઞાન–દર્શન–ચારિત્ર વિષે પ્રવૃત્તિ કરીને પણ કોઈ પુરુષ મરણ સમયે ચાર આરાધનાનો વિનાશ કરીને અનંત સંસારી થતાં ભગવાને જોયેલ છે માટે મરણ સમયે જેમ આરાધના બગડે નહિ તેમ યત્ન કરો.

( આ ગાથા જીવને અત્યંત સાવધાન રહેવાનો બોધપાઠ આપે છે. )

( શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૧૫ )

( ૫ ) શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને જે જીવ અન્ય કાર્ય કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ જીવ અમૂલ્ય ચિંતામણી રત્નને તજીને પથ્થર ગ્રહવા લલચાય છે.

( તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય–૯, શ્લોક–૧૪ )

ફોન નં. ૩૪ આત્મધર્મ Regd No. G.B.V. 10

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી *

| | | |
|---|---|---|
| ૧૪૨૩ | શ્રી ધીરજલાલ પી. દેસાઇ | સણોસરા |
| ૧૪૨૪ | ,, ડો. દેવેન્દ્રભાઈ એચ. દોશી | સુરેન્દ્રનગર |
| ૧૪૨૫ | ,, મનસુખલાલ મણીલાલ ધોળકીયા | વીંછીયા |
| ૧૪૨૬ | ,, ચુનીલાલ મોતીચંદ વોરા | લાઠી |
| ૧૪૨૭ | ,, કનૈયાલાલ હીરાલાલ ભાયાણી | ભાવનગર |
| ૧૪૨૮ | ,, વૃજલાલ ધરમશી મણીયાર | વઢવાણ |
| ૧૪૨૯ | ,, ધીરજલાલ પ્રેમચંદ વોરા | રાજકોટ |
| ૧૪૩૦ | ,, સુવર્ણાબેન અજીતકુમાર સંઘવી | અમદાવાદ |
| ૧૪૩૧ | ,, ધરમચંદ જગજીવન ઝોબાળીયા | સોનગઢ |
| ૧૪૩૨ | ,, શાંતાબેન કાંતીલાલ ગોસળીયા | સુરેન્દ્રનગર |
| ૧૪૩૩ | ,, રમેશચંદ્ર નારણદાસ શાહ | ,, |
| ૧૪૩૪ | ,, જ્યોતી કે. સંઘાણી | U.S.A |
| ૧૪૩૫ | ,, બીપીનભાઈ રતીલાલ મેતા | મુંબઈ |
| ૧૪૩૬ | ,, જયંતીલાલ દલીચંદ શેઠ | વાંકાનેર |
| ૧૪૩૭ | ,, નૌતમલાલ દલીચંદ શેઠ | ’’ |
| ૧૪૩૮ | ,, નવનીત એમ. શાહ | મદ્રાસ |
| ૧૪૩૯ | ,, સુધીરભાઈ કાંતીલાલ મેતા | અમદાવાદ |
| ૧૪૪૦ | ,, અમૃતલાલ તુલસીદાસ કામદાર | ઘાટકોપર |
| ૧૪૪૧ | ,, અરવીંદકુમાર એન્ડ કું. | મદ્રાસ |
| ૧૪૪૨ | ,, પ્રકાશચંદ્ર શાંતીલાલ પંચોલી | મુંબઇ |
| ૧૪૪૩ | ,, ઉષાકુમારી કેશવલાલ પંચમીયા | વડીયા |
| ૧૪૪૪ | ,, સરયુબેન અનીલકુમાર શાહ | મુંબઈ |
| ૧૪૪૫ | ,, હેમચંદ ખેમરાજ | ,, |
| ૧૪૪૬ | ,, આરૂષીબેન રમણીકલાલ સંઘવી | રાજકોટ |
| ૧૪૪૭ | ,, ચુનીલાલ જીવરાજભાઈ માથકીયા | વીંછીયા |
| ૧૪૪૮ | શ્રી રજનીકાંત મુળજીભાઇ લાખાણી | મુંબઈ |
| ૧૪૪૯ | ,, શ્રી ભારત ટ્રેડીંગ કંપની | જલગાંવ |
| ૧૪૫૦ | ,, લક્ષ્મીચંદ ધારશી શાહ | લીંબડી |
| ૧૪૫૧ | ,, સ્નેહલતા સોગાની | મહીદપર |
| ૧૪૫૨ | ,, ચંપાબેન હરગોવીંદ શેઠ | મુંબઈ |
| ૧૪૫૩ | ,, આરતી વી. દોશી | ,, |
| ૧૪૫૪ | ,, મનસુખલાલ બી. દેસાઈ | જમશેદપુર |
| ૧૪૫૫ | ,, ચીમનલાલ રૂપચંદ મેતા | સીકન્દ્રાબાદ |
| ૧૪૫૬ | શ્રી લલિત ડી શેઠ | ’’ |
| ૧૪૫૭ | ,, નરેશચંદ્ર ભોગીલાલ તુરખીયા | મુંબઈ |
| ૧૪૫૮ | ,, રાજેશકુમાર ગુણવંતરાય ભાયાણી | ,, |
| ૧૪૫૯ | ,, કેશવલાલ કસ્તૂરચંદ શાહ | ,, |
| ૧૪૬૦ | ,, કનકકુમાર કેશવલાલ શાહ | ,, |
| ૧૪૬૧ | ,, ચંપકલાલ રતીલાલ ગાંધી | ,, |
| ૧૪૬૨ | ,, છોટાલાલ રામચંદ ગાંધી | લવારી |
| ૧૪૬૩ | ,, રમેશચંદ્ર કે. શાહ | મુંબઈ |
| ૧૪૬૪ | ,, જયંતીલાલ છગનલાલ શાહ | સુરત |
| ૧૪૬૫ | ,, હસમુખલાલ નાથાલાલ કોટડીયા | મુંબઈ |
| ૧૪૬૬ | ,, રત્નમાલા જે. વૈદ્ય | ,, |
| ૧૪૬૭ | ,, બાબુલાલ જીવરાજ શાહ | ,, |
| ૧૪૬૮ | ,, રજનીકાંત કે. દોશી | ,, |
| ૧૪૬૯ | ,, બાબુલાલજી જૈન | ,, |
| ૧૪૭૦ | ,, અમૃતલાલ મંગળદાસ કારભારી | ,, |
| ૧૪૭૧ | ,, જ્યોતિબેન સુરેશકુમાર મહેતા | ,, |
| ૧૪૭૨ | ,, રીખબજી ધરમચંદજી | ,, |

**આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/ - ( ક્રમશઃ )**

**તંત્રી : ડો. ચંદુભાઈ ટી. કામદાર** **પ્રતઃ ૩૨૦૦**

**પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ- પીનઃ ૩૬૪૨૫૦**

**મુદ્રક : શ્રી મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ**

**( વાર્ષિક લવાજમ રૂા. ૯-૦૦ )**